# સ્ત્રી જાતિમાં આવેલી જાગૃતિ

## પ્રભા—નાથાલાલ લગ્ન સ્હામે પ્રચંડ વિરોધ

### સ્ત્રીઓની જાહેર સભા

### મહાજનો, યુવકો અને પુરૂષવર્ગની કાઢેલી ઝાટકણી

### લગ્ન એ કરીયાણાનો સોદો નથી.

**પ્ર**ભા નાથાલાલ લગ્નથી જૈન સમાજમાં વિરોધના વંટોળીયે એવી તો ઉગ્રતા પકડી છે કે જે બ્હેનો આજ સુધી મુંગે મોઢે દરેક અન્યાય સહન કરતી તેઓ તરફથી તા. ૨૫-૨-૩૪ ને રવીવારના રોજ બપોરના અઢી વાગે શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં શ્રીમતી લીલાવતી બ્હેન દેવીદાસના પ્રમુખપણા નીચે વિરોધ પ્રદર્શીત સભા ભરવામાં આવી હતી. સભાનો હોલ વખત પહેલાં ભરાઇ જવાથી ઘણી બ્હેનોને નિરાશ થવું પડયું હતું.

શરૂઆતમાં સભા બોલાવનારાઓની વતી શ્રીમતી લીલાવતી અમૃતલાલ શાહે આમંત્રણ વાંચી સંભળાવ્યા બાદ બ્હેન ચંદ્રાની દરખાસ્તથી અને સૌ. ચંપાબ્હેન હીરાલાલ દલાલના ટેકાથી શ્રીમતી લીલાવતી દેવીદાસની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રમુખશ્રીએ પ્રમુખનું સ્થાન લીધા બાદ કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું

**કુ. ચંદ્રા બ્હેન અમીચંદ શાહે** શરૂઆત કરતા જણાવ્યું કે આપ સૌ જાણો છો કે આપણી સમાજમાં ભાઈ નાથાલાલે એક પત્નીની હૈયાતી હોવા છતાં જે ફરીવારના લગ્ન કર્યાં છે તે સામે આપણે આપણો પ્રબળ વિરોધ રજુ કરવા એકઠા થયા છીએ. જે ઠરાવ આપ સમક્ષ મુકવા હું ઉભી થઈ છું તે અંગે મ્હારે કહેવું જોઇએ કે આ લગ્ને પત્ની હૈયાત છતાં પતિપત્નીની પવિત્ર ફરજથી ભ્રષ્ટ થઈ એક બાઇને રીબાવવાનું કૃત્ય કર્યું છે. બીજી પત્ની તરીકે આવનાર બ્હેને પણ સમસ્ત સ્ત્રીજાતીને નીચું જોવડાવનારું કૃત્ય કર્યું છે તેટલુંજ નહિં પણ મ્હારે કહેવું જોઇએ કે આપણી સમાજ કન્યાકેળવણીમાં બીજી સમાજો કરતા ઘણીજ પછાત છે છતાં જે નામની સ્ત્રી કેળવણી તરફ લક્ષ આપે છે તેને સખત ધકો પહોંચાડયો છે.

આવાં લગ્નો આપણી પવિત્ર લગ્નની પ્રણાલિકાને, આર્ય સંસ્કૃતિને, છિન્ન ભિન્ન કરવાના પ્રયત્ન સરખાં છે. એક બાજુ એક બાઇના અંતરમાં અગ્નિજવાળા સળગી રહી છે, ત્યારે બીજી બાજુ એ યુગલ આનંદમાં મહાલી સ્ત્રીમરદ્દારા કુરીવાજના પગે પડી ચુકયા છે. માણસની નિર્દયતાની હદ કયાં સુધી ? એ સુધારાવાદીમાં ખપતા ભાઇ, સ્ત્રી જાતિને ગુલામ ગણી રીબાવવા માગે છે ? એવાઓની આવી વર્તણૂકથી આપણે સાફ કહેવું જોઇએ કે આ વીસમી સદી છે, સોળમી નથી, એટલે આજસુધી પુરૂષ જાતીના પગ નીચે સ્ત્રી જાત દબાઇ છે. કચરાઇ છે, રીબાઇ છે, હવે એ સહન કરી લે તેમ નથી.

પુરૂષ જાતને સંઘરવુંજ પડશે અને નહિં સુધરે તો એ જમાનો આવી રહ્યો છે કે તેમને. ફરજ પડશે.

જે બ્હેંને લગ્ન કર્યું છે, એ બ્હેન કેળવાયેલાં છે છતાં એ ભૂલી ગયા લાગે છે કે પોતે પોતાની એક બ્હેનનેજ રીબાવી તેનું આખું જીવન બગાડે છે. મને તો નવાઇ જેવું લાગે છે કે આવું અઘટિત પગલું કેમ ભર્યું હશે ?

લગ્ન એ સોદો નથી. એ કંઇ ગાંધીની દુકાનનું કરીયાણું નથી કે ન ગમતા માલનું પડીકું ફેંકી શકાય. એ તો સંસાર નૌકાને પાર પાડનાર પવિત્ર બંધન છે. એના ઉપર આખું જીવન અવલંબી રહ્યું છે. તેથી તો આપણી આર્ય સંસ્કૃતીમાં પતિ પત્ની એક બીજાને વફાદાર રહે છે. એટલે એક ઉપર બીજી લાવવી એ ફરજમાંથી પતિત થવા જેવું કૃત્ય છે આપ જાણતા હશો કે જે યુરોપ ભારતસંસ્કૃતિ કરતાં ઉતરતું છે તેજ યુરોપમાં હૈયાત પત્ની ઉપર બીજી લાવવી હોય તો કાયદો ના પાડે છે છતાં પણ સંયોગો વસાત છૂટા છેડા કરે તોજ બીજી વખત પરણી શકે. પરંતુ આપણામાં તેવા કાયદાના અભાવે પુરૂષવર્ગ સ્ત્રીવર્ગને જુલ્મની એડી નીચે કચરે છે તેમ કહેવું લગારે ખોટું નથી.

કોઈ બાળવિધવા બ્હેન પુનર્લગ્ન કરશે તો પુરૂષવર્ગની નાતો અને મહાજનો લાલપીળાં થઈ દોડધામ આદરે છે. જ્યારે પુરૂષવર્ગ સ્ત્રી જાતીને ગમે તેટલો અન્યાય કરશે તો પણ એ મૌનજ સેવે છે. જુઓ આ લગ્નથી એક બ્હેનને ખુબ અન્યાય થયો છે છતાં એ પુરૂષો ચુપચાપ બેસી રહ્યા છે, જાણે કશું બન્યુંજ ન હોય.

આટલા ટુંક નિવેદન બાદ હું આપની સમક્ષ નીચેનો ઠરાવ મૂકું છું:—

**ઠરાવઃ**—પાલનપુરના ઝવેરી નાથાલાલ ડાહ્યાભાઈ જેઓએ સંતાનસહ પત્નિ હોવા છતાં તાજેતરમાં બીજી વારનું લગ્ન કર્યું છે તે તરફ જૈન બ્હેનોની આ જાહેર સભા સખ્તમાં સખ્ત નાપસંદગી બતાવે છે, તેમ તેઓના પ્રથમ પત્ની બ્હેન જાસુદપર જે કષ્ટ આવી પડ્યું છે તે પ્રત્યે આ સભા હૃદયપૂર્વક હાર્દિક દીલસો જી દર્શાવે છે.

ઠરાવને ટેકો આપતાં કુ. સરસ્વતી મણીલાલ પરીખે જણાવ્યું કેઃ—

આપની સન્મુખ જે દરખાસ્ત મુકાઈ છે તેને ટેકો આપવા આવી જાહેર સભામાં પ્રથમ વારજ ઉભી થઈ છું એટલે ભુલચુકની ક્ષમા કરશો.

એક પુરૂષ પોતાને સ્ત્રી અને પુત્ર પુત્રી હોવા છતાં એની તુચ્છ વસ્તિઓ ખાતર એક અબળાના જીવનને ધુળમાં રગદોળવું પડે, તેના બાળકોનાં ઉગતાં આનંદને છેદવું પડે, પોતાને છતાં પતિએ વિધવા કરતાં પણ બુરી દશામાં એને નિરાધાર જીવન ગાળવું પડે, તેના જેવો બીજો કરૂણ પ્રસંગ ક્યો હોઈ શકે ? અને તેવા પ્રસંગ લાવનાર સ્ત્રીજ હોય ત્યારે તો નિષ્ઠુરતાની પરિસીમાજ ગણાય.

પુરૂષ જાતિના આવા નિર્દયી સ્વભાવની આપણને માહિતી છે; પરંતુ બ્હેન પ્રભા જેવી એક કેળવાયેલી ગણાતી કન્યા જાતિદ્રોહ કરે અને એમની માતા જેવા સંસ્કારી ગણાતાં બ્હેન આવા કાર્યમાં મુખ્ય ભાગ ભજવે એ ખરેખર ! સ્ત્રીજાતિ અને કેળવણીનું ભયંકર અપમાન છે. મારું દઢપણે માનવું છે કે આવા લગ્નો લગ્નની પવિત્ર ભાવના સાચવવા ખાતર કેવળ રૂપ, બુધ્ધિ કે વૈભવ વિક્રય કરવા સમાન છે. શુધ્ધ સ્નેહ તે સ્નેહીનું બલીદાન માગે છે ત્યારે આ બનાવમાં તો એકને માટે બીજાનો સ્નેહ ઝુંટવાય છે. બ્હેન પ્રભાને ખરો સ્નેહ હતો તો તે જેને પ્રેમ માને છે તેની પત્નીનું મુંગું બલીદાન લેવા બદલે—પોતાને પરોપકારમાંજ જીવન ગાળવું જોઇતું હતું.

આવા લગ્નમાં માનનાર પુરૂષો તરફથી એક એવી દલીલ કરવામાં આવે છે કે અમે કેળવાયેલા, સંસ્કારી અને આગળ પડતા વિચારના હોઇએ ત્યાં ડગલે અને પગલે સ્ત્રી સહકારની જરૂર રહે. જ્યારે સ્ત્રી જુના વિચારની, બીન કેળવાયેલી હોય ત્યાં સહકાર શી રીતે થાય ? આ દલીલ નથી પણ બચાવની બારી બારી છે. આવો વિચાર લગ્ન પહેલાં કરવાનો હોય છે. પછી તો ન્યાયમૂર્તિ રાનડે કે મહાત્માજી જેમ પોતાની પત્નીને દરેક રીતે તૈયાર કરવીજ જોઇએ, કારણ કે તેને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે, જેણે પોતાના પતિના સુખમાં સુખ માન્યું છે. તેને લાગણી, ધીરજ અને સહનશીલતાથી પોતાના જીવન–સાથી તરીકે તૈયાર કરી અન્યના માર્ગદર્શક બનવું જોઇએ, ત્યારેજ ખરો સુધારો થઈ શકે.

હંમેશનો અનુભવ છે કે આટ આટલાં જુલ્મો છતાં સ્ત્રીજાતિ ઉદાસીનતાથીજ જુએ છે, અને એ હદ ઉપરની ઉદારતાજ બ્હેનો તરફના અન્યાયનું મુખ્ય કારણ બની છે. તેને લઇનેજ આ લગ્ન જેવા પ્રસંગો બનવા લાગ્યા છે, ન્યાયની લડત માટે કડક બનવું જોઇએ અને નકામી ઉદારતાનો આપણે ત્યાગ કરતાં શીખવું જોઇએ. કેવળ પુરૂષોની દયા ઉપર જીવવાનું હવે પાલવે તેમ નથી. સંયમમાં રહીને આપણે પુરૂષોને બતાવી આપવું છે કે અત્યાર સુધી તમે અમારો ફાવે તેમ દ્રોહ કર્યો, અમે ખુબ સહન કર્યું હવે તમારી શીરજોરી સામે બંડ ઉઠાવીશુંજ. બ્હેન પ્રભા અને નાથાલાલના આ લગ્ન એ સ્ત્રીઓના જીવન વિકાસને રૂંધનારું નિંદ્ય કૃત્ય ગણી તેનો મારા તરફથી સખ્ત વિરોધ કરૂં છું. આ લગ્નદ્વારા શ્રી નાથાલાલના આગલા પત્નિ બ્હેન જાસુદને આઘાત થયો છે તેના તરફ મારી અંતઃકરણ પૂર્વકની દીલસોજી સાથે તેને વિનંતિ કરૂં છું કે પોતાના બાળકોને ઉત્તમ પ્રકારની કેળવણી આપી આદર્શ શહેરી બનાવે. પોતે પણ યોગ્યરીતે તૈયાર થઇ અન્યાયો સામે બ્હેનોને જગાડી સ્ત્રી ઉન્નતિમાં સક્રિય ફાળો આપે. અંતમાં પાલણપુરના યુવાન બંધુઓ અને સમાજના આગેવાનોને પ્રસંગોચિત થોડું કહી મારું વક્તવ્ય સમાપ્ત કરીશ. યુવાનો જેને સુધારો માને છે તેવા સુધારા કરનારને અભિનંદન આપવા માટે એકદમ ઝુકાવી દેનાર સુધારાપ્રેમી યુવકોએ હજુ સુધી આવા મેરુસ્વામજની લગ્ન માટે કાંઇ પણ સક્રિય પગલાં લીધાં નથી, કશી હિલચાલ કરી નથી, એ પુરૂષ અને પૈસાના પક્ષકારની મનોવૃત્તિ સૂચવે છે. પાલણપુરના જૈન સમાજના આગેવાનો હજુ ક્યાં સુધી ઉંઘશે ! સંબંધ અને ધનિકોના પક્ષપાતરૂપી પડળો આંખ આગળથી હવે ક્યારે દૂર કરશે ? ધનના અભિમાનથી સમાજના તેમજ દેશના અને ધર્મના ઠરાવો જડ્યેક ભંગ કરીને પણ સમાજમાં સાચી છાતીએ ચાલે અને કંઇ પણ ન કરે એ તો નિર્બળતાજ સૂચવે છે. લાગે છે કે સમાજની ન્યાયની દોરી મુખ્યત્વે પુરૂષોના અને તેમાંય ખાસ કરીને ધનિકોના હાથમાં હોવાથી તેમના વિરૂધ્ધ ન્યાય તોળવો તે તેમને માટે કઠીન હોય.

પરંતુ તેઓ ભૂલી જાય છે કે ન્યાય તોળનારજ જો અન્યાય કરે તો વાડ ચીભડાં ગળ્યા બરાબર છે. આ અને આવા બનાવોથી સમાજ છિન્નભિન્ન થઈ છે અને કઈ સ્થિતિએ ગબડશે તે તો ભવિષ્ય કહેશે. પરંતુ પાણી પહેલાં પાળ બાંધવા માટે સમાજના આગેવાનો કંઈ કરશે કે? હજુ પણ પાલનપુરનો સમાજ જાગે અને આવા કાર્યો સામે મક્કમ પગલાં લે. નહિ તો આવા અનેક બનાવો બનશે અને તેથી બીજા સમાજોમાં પાલણપુરના સમાજનું સ્થાન તદ્દન હલકું જશે, નામોશી ભર્યાં આક્ષેપો સાંભળવા પડશે, આવા કાર્યોની સામે બંડ જાગશે, તે ભાગ્યેજ યાદ આપવાનું હોય; બાદ—

**સૌ. લીલાબ્હેન સંઘવીએ** વિવેચન કરતાં જણાવ્યું હતું કે આપણી આગળ જે દરખાસ્ત મુકાણી છે તેને વધુ અનુમોદન આપતાં મારે કહેવું જોઇએ કે ચંદ્રા બ્હેન અને સરસ્વતી બ્હેને વાનીઓ પીરસી દીધી છે, એટલે મ્હારે વધુ પીરસવાનું રહેતું નથી. છતાં મુખવાસ તરીકે કંઇક પીરસીશ. બ્હેનો કોઇનાએ લગ્ન સાંભળતાં હર્ષ થાય પણ આ લગ્નની વાત સાંભળીને હૈયામાં હર્ષને બદલે કોઇ જુદીજ વસ્તુ દેખાય છે. જો કે કોઈ સામાન્ય ભાઇએ આવી રીતના લગ્ન કર્યાં હોત તો જરૂર રોકીયાઓ! બળબળી ઉઠત, મોવડીઓ તેની રેવડી દાણાદાણ કરી નાખત પણ પૈસા આગળ સૌ અંજાઇ જાય છે. કેટલાક લોકો કહે છે કે જોડનું વિલાયત પણ ગયું, હવે મિટિંગ ભરવાથી શું? એ કહેનાર સમજે કે તેઓ વિલાયત જાય કે અહિં રહે પણ વિરોધ તો ગમે ત્યારે થઇ શકે છે. એમ સમજીનેજ સ્ત્રીઓ વિરોધ દર્શાવવા ભેગી થઇ છે. બાદ બાળાબ્હેન કનૈયાલાલના વધુ અનુમોદન થયા પછી પ્રમુખશ્રીએ ઠરાવ પર મત લઇ સર્વાનુમતે પસાર થયાનું જાહેર કર્યું હતું.

**પ્રમુખશ્રીનું વકતવ્ય:**—બ્હેનો! આ મિટિંગ ખુશાલીની નથી પણ એક ભાઇએ સંતાનસહ પત્નિ હોવા છતાં કરેલ લગ્ન સામે ધૃણાની નજરે જોવા આપણે સૌ એકઠા થયા છીએ. બધી બ્હેનોએ ખુબ કહી નાંખ્યું છે. એટલે હું ટુંકમાંજ પતાવીશ. પતિ હૈયાત છતાં એક સ્ત્રીની વિધવા જેવી સ્થિતિ, બ્હેનો આપ સૌ વિચાર કરશો તો લાગશે કે આપણી સ્ત્રીજાતિ તરફ કેટલો બધો અન્યાય થઇ રહ્યો છે. કોઇ વિધવા બ્હેનને પુનર્લગ્ન કરવું હોય તો તે કરી શકે છે, પણ પતિ હૈયાત હોવા છતાં વિધવા જેવી બનેલી બ્હેન શું કરી શકે? આવાં લગ્ન છે. તેની સામે સૌએ ઉહાપાત કરવો જોઇએ. છતાં આજ સુધી પુરૂષવર્ગે કાંઇ કર્યું નથી તે તેમને માટે શરમાવનારૂં છે. પત્ની એ ગાંધીના કરીયાણાની વસ્તુ નથી. એક સ્ત્રી સાથે લગ્ન ગ્રંથીથી જોડાયા એટલે તે આખા જીવન સુધીનો પ્રશ્ન બને છે. છતાં એ ભાઇ તો ભ્રમર જેવા થવા લાગે છે, જેમ ભ્રમર એક ફુલ સુંઘીને બીજાને સુંઘવા જાય છે. તેમ આ ભાઇએ કર્યું છે. એટલે એ લગ્નનો પવિત્ર હેતુ સમજતા નથી પણ બજારૂં ચીજ જેવું સમજવા લાગે છે, નહિં તો આવું મૂર્ખાઈ ભરેલું પગલું ભરતજ નહિ, જે બ્હેને લગ્ન કર્યું છે તેણે પણ લાંબો વિચાર કર્યાં સિવાયજ પગલું ભર્યું છે.

જે બ્હેનો તેને કેળવાયેલી બ્હેન તરીકે ઓળખાવે છે તેઓ સમજે કે તેણે સાચી કેળવણી લીધેલી નહિં હોય પણ ઉપલકીયા ગોખણપટ્ટીથી અક્ષર જ્ઞાન લીધું હશે. નહિં તો આવા અઘટિત પગલામાં સાથજ નહેત પણ એણે તો આ પગલાથી એક બ્હેનની પરિસ્થિતિ ભયંકર કરી છે. છતાં એ ધારે તો તે બ્હેનને પોતાની વડીલ બ્હેનના સ્થાને સ્થાપે. શોક તરીકે ન જોતાં એ સમજે કે એ બ્હેન એટલે પોતાની સખિની, જતે ધણીએ વિધવા જેવી સ્થિતિ કરવા પોતેજ કારણભૂત છે, એટલે પોતે પેલી બ્હેનના હિતને વિચારે, કોઇકે મને કહ્યું કે આ બ્હેનને સ્નેહ હતો, પ્રેમ હતો એથી પરણ્યા. મને લાગે છે. કે એમ હોય તો આમ લગ્નમાં જોડાતજ નહિ પણ સાચા સ્નેહી તરીકે જીવનભર ભાઇબ્હેન તરીકે સાથે રહેત અને કોઇના જીવનને દુઃખી કરવા તત્પર થાતજ નહિ. બ્હેનો, આપણી નબળાઇનો લાભ લઇને પુરૂષવર્ગ આપણને અન્યાય કરી રહ્યો છે એ આપણે જાણીએ છીએ છતાં સહી રહીને હવે તે સામે આપણે પોકાર ઉઠાવવાની શરૂઆત કરી છે, સૌ બ્હેનોને અપીલ કરીશું કે આપણે આપણી નબળાઇઓ ફગાવી દઇને સ્ત્રી જાતિની પ્રગતિમાટે રચનાત્મક કાર્ય કરવું જોઇએ.

જુના વિચારના માણસો, એમજ સમજવાના કે આ બધું ભણતરનું પરિણામ, આ ભણેલા લગ્નો તેમને કારણ આપ્યું એટલે કેળવણીની વગોવણી થાય એ સ્વાભાવિક છે, તે બ્હેને કેળવણીને લજવી છે, શોભાવી નથી. તે બ્હેન મુંબઇમાં આવેલ, ત્યારે કોઇએ મને કહેલું કે એક ભાઇ એક પર બીજી લાવ્યા છે અને કેળવાએલા છે તે બ્હેનને જોવાં હોય તો ચાલો. પણ મને ખબર નહિ કે થોડાજ દિવસોમાં તે સામે મીટીંગ ભરાશે અને મારે હાજરી આપવી પડશે. નહિં તો જરૂર જોઇ આવત. છેવટેમાં આપ સૌ બ્હેનોએ આ વિરોધ ઉઠાવનારી સભામાં આટલી મોટી સંખ્યામાં હાજરી આપી વિરોધ દર્શાવ્યો છે, તે વ્યાજબી કર્યું છે, એમ હું માનું છું. આપણી પ્રગતિનો, હકકોનો આધાર પુરૂષો ઉપર રાખવા કરતાં સ્વબળ ઉપરજ આપણે કદમ માંડવા જોઇએ. તોજ પ્રગતિ કરી શકીશું. આટલું બોલી હું મારૂં વકતવ્ય પૂરૂં કરૂં છું બાદ પ્રમુખ અને પધારેલી બ્હેનોનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

## રા-ધ-ન-પુ-ર-ના.... અ-વ-ન-વા.

શેઠ નાગરદાસ પુંજાભાઇના લગ્નને માટે રાધનપુર જૈન કલબ તરફથી જે હેન્ડબીલ બહાર પડયું હતું તે બાબતમાં તપાસ કરતાં જણાય છે કે ભાઇ નાગરદાસે લોકલાગણીને માન આપી પોતાની વૃદ્ધ ઉંમરે હાલ લગ્ન કરવાનું મોકુફ રાખ્યું છે. ભવિષ્યમાં જો એ ફુઉડે ચઢી લગ્ન કરવાની મૂર્ખાઇભરી વિચારણા ન કરે તો અભિનંદનને પાત્ર છે.

૨ અત્રેની પાંજરાપોળનાં એક આગેવાન કાર્યકર્તાને ત્યાં થોડા વખત પહેલાં આશરે દશ હજારની ચોરી થએલ. તે બાબતમાં નામદાર નવાબ સાહેબ તરફથી ચાંપતાં પગલાં લેવાનું પોલીસ ખાતાં ઉપર ફરમાણ થતાં છેવટે રાધનપુરમાં આજે વીશ વરસથી નોકરી કરતા જલોધન મહાલના બાહોશ ફોજદાર આનંદરાવભાઇએ કેટલાક મુદ્દા માલ સાથે એ ચોરી પકડી છે, ઉપરની ચોરી આજે છેલ્લાં પંદર વર્ષમાં રેકર્ડ સમાન છે. આ ચોરીને પકડવા માટે નામદાર નવાબ સાહેબે જે દીલેજારી બતાવી જવાબદારી અદા કરી છે તે માટે તે નામદારને અભિનંદન ઘટે છે.

૩. રાધનપુર આદિશ્વરજીના દેરાસરની શેરીના ઉપર જે મેડો બાંધવામાં આવ્યો છે, હેમાં ખર્ચ થએલ રૂપીઆ શેમાંથી વપરાયા છે? કેટલો ખર્ચ થયો છે? હેનો હિસાબ કેમ બરાબર બહાર પડતો નથી? સાંભળવા મુજબ તે મકાન ઉપર દેવદ્રવ્ય ખાતાના નવ હજાર રૂપીઆ ખર્ચાયા છે અને આજે નવ હજાર ખરચનાર એજ ભાઇઓ પાઠશાળા માટે એ મકાન લેવા તૈયાર થયા છે અને હેની કિંમત આશરે પાંચ હજાર આંકે છે. ઉપરની બાબતમાં સત્ય શું છે? નવ હજારનું મકાન પાંચ હજારમાં વેચી દેવદ્રવ્ય ખાતાને નુકશાન આપવાની સાગર ગચ્છને શું જરૂર છે? ઉપરની બાબતમાં યોગ્ય ખુલાસો અને હિસાબ બહાર પાડવાની હું લાગતાવળગતાઓને ચેતવણી આપું છુ

૪ સાગર ગચ્છના ટ્રસ્ટીઓની બે ખાલી પડેલી જગ્યાએ શેઠ મણીલાલ મોતીલાલ અને શેઠ રતીલાલ વાડીલાલની ચુંટણી કરવામાં આવી છે.

૫. શ્રી વિજયવલ્લભસૂરિને ચાતુર્માસ માટે નિમંત્રણ આપવાની હીલચાલ ચાલી રહી છે. સંભવ છે કે શેઠ કકલભાઇ ન્યાલચંદના ઉજમણા પ્રસંગે તેઓશ્રીની પધરામણી થશે

૬ વિદ્યાભુવનની બાબતમાં સંભળાય છે કે હેને પગભર કરવા માટે હિલચાલ શરૂ થઇ ગઇ છે. સ્થાનિક શ્રીમંતો તે માટે પૂરતો સાથ આપશે એ આશા વધારે પડતી નથી. કેળવણી ખાતાને પગભર કરવામાંજ સમાજનું કલ્યાણ છે.

૭ અત્રે અનેક શ્રીમંતોને ત્યાં લગ્ન પ્રસંગો છે. હેમને ત્યાં સ્વદેશી ચીજો વાપરવાની હું વિનંતિ કરૂં છું. આશા છે કે મ્હારી વિનંતિ ઉપર ધ્યાન આપી દરેક ચીજો સ્વદેશીજ વાપરવામાં આવશે.

૮. અત્રેની ભોજનશાળાના કાર્યવાહકોની બહુજ દરબારગીરી અને ડાબરશાહી ચાલે છે, પૂરતો હિસાબ પણ બહાર પડતો નથી. સાંભળવા પ્રમાણે અંદર કંઇક ઘાલમેલને અંગે શેઠ સારાભાઇ તપાસ કરવા આવ્યા છે, તેઓશ્રી તપાસ કરી હિસાબ વગેરે બહાર પાડી જમનારાઓની અગવડોને દૂર કરશે એ આશા વધારે પડતી નથી.

## સંમેલન માટેના પ્રશ્નો.

શ્રી સાધુ સંમેલનમા ચરચવા યોગ્ય સુધારાઓ નીચે મુજબ ઉધ્ધૃત કરૂં છું.

૧. મૂળ વ્રતો પૈકી એકપણ વ્રતનો પણ જેણે ભંગ કર્યો હોય અને તેવું જે સ્થળે સાબીત થાય ત્યાં તેવા સાધુને ત્યાંના સ્થાનિક સંઘને તેનો સાધુ વેશ છીનવી લેવાનો અખત્યાર છે તેવું ઠરાવવું જોઇએ.

૨. શ્રી જૈન મંદિરાદિ તમામ સંસ્થાઓમાં નોકરી કરી પગાર લે તે શાસ્ત્ર સંમત છે અને કરનાર શ્રી સંઘને અને તે સંસ્થાને લાભદાયી છે તેમ ઠરાવવું જોઇએ.

૩. સાધુઓએ હરકોઇ વિદ્વાન સાધુ પાસે ગચ્છકે પરગચ્છનો ભેદ ન ગણતાં પરસ્પર ભણવા ભણાવવાનું ઠરાવવું જોઇએ અને પંડિતો રાખી ભણાવવાની પધ્ધતિ બંધ કરવાનું ઠરાવવું જોઇએ.

૪. શ્રી ઉપાશ્રયમાં સાધુઓ વિદ્યમાન હોવા છતાં સ્વપરગચ્છના બીજા સાધુઓને ઉતરવાનું સ્થાન આપવાનું ઠરાવવું જોઇએ.

૫. આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિએ ઉપદેશકો તૈયાર કરવા માટે ગુરૂકુળ સ્થાપવાનું ઠરાવવું જોઇએ કે જેમાં યતિ સાધુ કે શ્રાવક કોઇ પણ સ્વપર ધર્મના શાસ્ત્રો શીખીને જગતમાં ઉપદેશ કરવા નીકળી શકે.

૬. આધુનિક વૈજ્ઞાનિક ઢબે જૈન ઐતિહાસિક અને સૈધ્ધાંતિક તત્વોનું સ્પષ્ટ નિરૂપણ કરી શકે તેવું સાહિત્ય નજીવી કિંમતે જગતની તમામ ભાષાઓમાં પ્રકાશીત કરવાનું ઠરાવવું જોઇએ.

૭ એક એવું જ્ઞાન મંદિર મધ્યસ્થળે સ્થપાવવાનું ઠરાવવું જોઇએ કે જ્યાં તમામ જ્ઞાન ભંડારોના મહત્વના ગ્રંથની એક એક નકલ રાખવી જોઇએ અને તેનો જૈનેતર વિદ્વાનો સહેલાઇથી કી લાભ લઇ શકે તેવો પ્રબંધ થવો જોઇએ.

૮. જે સાહિત્ય સાધુ સાધ્વીનું પ્રગટ થાય તેનું પ્રકાશન થયા પહેલાં શ્રી સંઘે નીમેલી કમિટિ દ્વારા તપાસરાવ્યા બાદ મંજુરી મળેથીજ પ્રસિધ્ધ કરવાનું ઠરાવવું જોઇએ.

૯. જૈન ધર્મ જાતિ અને વર્ણભેદને માનતો નથી તેથી જગતના કોઇ પણ અન્ય ધર્મીને જૈન બનાવ્યા બાદ અને જૈનો જે અજૈન બન્યા છે તેમને જૈન બનાવ્યા બાદ શ્રી સંઘમાં સમાનતાથી સમાન હકો પ્રાપ્ત કરી શકે તેવું ઠરાવવું જોઇએ અને સાધુઓ અને ઉપદેશકોએ નવા જૈનો બનાવવાનો અવિરત પરિશ્રમ ઉપદેશ દ્વારાએ કરવાનું ઠરાવવું જોઇએ.

૧૦. સાધુઓ અને સાધ્વીઓએ વસ્ત્રો શુધ્ધ ખાદીનાં લેવાનાં અને સ્વદેશી વસ્તુઓ લેવાનો અનિવાર્ય નિયમ ઠરાવવો જોઇએ.

દેવદ્રવ્ય જેમ જૈન શ્રીમંતોને અને અન્ય ધર્મીઓને ધીરાય છે તે બંધકરી બેકાર શ્રાવકોને લોન રૂપે ધંધાર્થે ને વિદ્યાર્થીઓને સ્કોલરશીપ રૂપે આપવાનું અને તમામ સંસ્થાઓમાં લોન રૂપે આપવાનું ઠરાવવું જોઇએ.

૧૨. સાધુઓએ પોતાના નામથી પુસ્તકોનો સંગ્રહ ન રાખવાનું ઠરાવવું જોઇએ અને હોય તે જ્ઞાન ભંડારોમાં આપી દેવા જોઇએ.

૧૩. સાધુઓ અને સાધ્વીઓએ અમુક ક્ષેત્રમાં સંકોચાઇ ન રહેતાં સર્વત્ર વિચરવું જોઇએ કે જેથી જે જૈનો અજૈન બને છે તે બનતા બંધ પડી જાય.

નિવેદક

**કાલીદાસ નાથાચંદ.** ખ્યાવર.

# આવતી કાલનો યુવાન.

લેખક—શ્રીયુત મૂળચંદ આશારામ વૈરાટી.

આવતી કાલનો સાચો યુવક બહાદૂર અને નિર્ભય હોવો જોઇએ, રૂઢિના ભાર નીચે દબાયેલો નહિ પણ કર્તવ્યનો સ્વતંત્ર ઉપાસક હશે. એ ઉછાછળો લેખક કે વક્તા નહિ હોય પણ ગંભીર વિચારક હશે. છેલ્લામાં છેલ્લી શોધના સાધનોનો તે ઉપયોગ કરી જાણનો હશે.

તે માટે આવતી કાલના સાચા યુવકે સ્કૂલ કે કોલેજમાં નહિ શીખવાતી એવી કેટલીએક જરૂરી કળાઓ શીખવી જોઇએ.

આવતીકાલના પ્રત્યેક યુવાને કસરતથી પોતાનું શરીર સુદૃઢ બનાવવું જોઇએ કે જેથી કરીને હુલ્લડો કે તોફાનોમાં સહીસલામત પોતાનો બચાવ કરવા અને એવાં તોફાનોમાં ફસાયેલા મનુષ્યોને બચાવી લેવા માટેની તાલીમ મળે, લાઠી પણ સારી રીતે ફેરવી જાણવી જોઇએ, નિશાન પણ તાકતાં શીખી જવું જોઇએ.

તરવાની કળામાં પણ નિપુણ બનવું જોઇએ કે જેથી પાણીથી નિર્ભય બનાય. જીવન બચાવવા માટે એ અગત્યનું છે, પાણી માટેનો જે ભય હોય છે તે ભયને દૂર કરવા જરા પણ મુંઝાયા સિવાય પાણીમાં ઝંપલાવતાં, સારી રીતે ડૂબકીઓ મારતાં, મોજામાં મોજું અડધો માઇલ સુધી વગર થાકે તરવાનો નિર્દોષ આનંદ મેળવવા દરેક યુવકે કટિબદ્ધ થવું જોઇએ. સાથે સાથે સામાન્ય હોડી કે મછવો ચલાવી લેતાં શીખી લેવું જોઇએ.

પ્રત્યેક યુવકે ઝાડ ઉપર ચઢી જાણવામાં, અગ્નિના ભયમાંથી સલામતીપૂર્વક બચી જાણતાં અને બીજાને બચાવી જાણતાં શીખી લેવું જોઇએ.

હાલના જમાનામાં તમામ વાહનોમાં યોગ્ય અનુકૂળ અને ભયંકર વાહન મોટર છે, એ મોટર ચલાવવાનું, ત્હેને રિપેર કરવાનું અને ત્હેને લગતું અગત્યનું કામ શીખી લેવું જોઇએ, કે જેથી કાર્ય ઝડપથી થઇ શકે. જો કે આજે આપણે મોટર ચલાવવાની વાત કરીએ છીએ પણ આવતી કાલે એરોપ્લેન સંબંધી પણ જ્ઞાન મેળવવું પડશે. એરોપ્લેન એ આવતી કાલના સમાજ માટે એક અગત્યનું વાહન થઇ પડશે એ ભૂલવું જોઇતું નથી.

ઘરની સામાન્ય ભાંગતોડને સુધારી લેતાં આવડવું જોઇએ એ માટે જુદા જુદા ઓજારોને વાપરવાની કળાનું પણ સામાન્ય રીતે શીખી લેવું જોઇએ.

નાની ટુકડીઓમાં પહાડો અને જંગલોમાં યુવકોએ નીકળવું જોઇએ અને લુંટારૂઓથી, જંગલી પ્રાણીઓથી, ભૂખમરાથી અને રસ્તો ભુલવાના ભયમાંથી કેમ સલામત નિકળાય? તે માટેના અનુભવોની કસોટીમાંથી પસાર થવું જોઇએ. સામાન્ય રીતે રસોઇની કળા પણ હસ્તસિદ્ધ કરવી જોઇએ.

પ્રત્યેક યુવાને પોતાના પગ ઉપર ઉભાં રહેતાં શીખી લેવું જોઇએ અને પોતાનો નિર્વાહ સ્વતંત્ર રીતે ચલાવવો જોઇએ, તે માટે ગૃહ ઉદ્યોગનું વિજ્ઞાન આવશ્યક છે. યુવકે સામાન્ય સભાની અંદર પોતાના વિચારો જણાવવા પૂરતી વક્તૃત્વ કળાને શીખી લેવી જોઇએ અને સામાન્ય નિબંધ લખતાં પણ ત્હેને આવડવું જોઇએ. ડ્રોઇંગના જ્ઞાનથી પણ સામાન્ય રીતે તે વંચિત રહેવો જોઇએ નહિ.

આવતી કાલ અને આજના યુવાનને સ્વચ્છતા અને આરોગ્યતાનું જ્ઞાન સંપૂર્ણપણે શીખવું જોઇએ કે જેથી ટગલે અને પગલે જે ડોકટરોને બોલાવવા પડે છે તે નહિ બોલાવવા પડે, અને તે રીતે આર્થિક ફાયદો થશે. ઝાડો રોપવાનું અને ઉછેરવાનું જ્ઞાન પણ યુવકે મેળવવું જોઇએ.

આવતી કાલના યુવાને આધુનિક વિજ્ઞાનથી વંચિત નહિં રહેવું જોઇએ અને સામાન્ય રીતે સહનશીલતા અને શાન્તિને જીવનમાં કેળવવી જોઇએ.

ગાયનકળા પણ યુવકોના જીવનમાં જરૂરી છે એટલે આત્મસંતોષ પૂરતી આ કળા પણ શીખી લેવી જોઇએ કે જેથી કરીને જ્યારે મગજ ઉપર કોઇ પણ જાતનો બોજો આવીને પડયો હોય ત્યારે આ ગાયનકળાનો આશ્રય લઇ મગજને તાજગી આપી શકાય અને નવરાશનો ટાઇમ ગમ્મતમાં પસાર થાય. એકાદ વાજીંત્ર ઉપર કાબુ મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

કોઇ પણ કાર્યમાં પછી ચાહે તેવું કાર્ય હાથ ધર્યું હોય તો ત્હેમાં એકાગ્રતા કેળવવી જોઇએ. એકાગ્રતા વગર કોઇ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી જો કોઇપણ કાર્યમાં સંપૂર્ણ સફળતા મેળવવી હોય તો એકાગ્રવૃત્તિ ખૂબ કેળવવી જોઇએ. ભારતવર્ષના અનેક મહાપુરૂષો એકાગ્ર વૃત્તિ કેળવીનેજ બન્યા છે. એટલે પ્રત્યેક યુવક માટે આ કળા અગત્યની છે.

પ્રત્યેક યુવાને પોતાનું જીવન નૈતિક બનાવવું જોઇએ નૈતિક જીવન પ્રગતિમાં ખૂબ સાથ આપે છે અને યુવાન પ્રગતિના શિખરની અનેરી ટોચે પહોંચે છે.

કર્તવ્યશીલતા, એકવચનીપણું વગેરે ગુણો પણ જીવનમાં ખૂબ જરૂરી છે. આ ગુણો સિવાય જનતામાં કદિ છાપ પડી શકેજ નહિ. કોઇપણ કાર્યમાં આ બે બાબતોની અનિવાર્ય આવશ્યકતા છે. એટલે યુવકોએ કર્તવ્ય પાલનમાં મોખરે રહેવું જોઇએ. સત્યભાષી તેમજ એકવચની બનવું જોઇએ. આમ અનેક પ્રકારની વિધવિધ કળાઓ શીખી લઇ યુવકોએ પ્રગતિશીલ બનવું જોઇએ.

## પહોંચ.

**જૈન વિદ્યાર્થી આશ્રમ**—સુરતનો અગ્યાર, બાર અને તેરમાં વર્ષનો રિપોર્ટ ત્હેની મેનેજીંગ કમિટિ તરફથી પ્રગટ કરનાર ઓનરરી સેક્રેટરી શ્રી હરિલાલ શીવલાલ શાહ બી.એ. (ઓનર્સ) એસ. ટી. સી. તરફથી મળ્યો છે.

**શ્રી બાળમંદિર**:—ભગસરા સન ૧૯૩૩ નો વાર્ષિક હેવાલ ત્હેના પ્રકાશક શ્રીયુત લલ્લુચંદ જયચંદ વોરા અને દુલ્લભલાલ વેલજી ઝાટબાર તરફથી મળ્યો છે.

**શ્રી જૈન પાઠશાળા અને લાયબ્રેરી**;—જુન્નેરનો સંવત ૧૯૮૭ ના માગસરથી સંવત ૧૯૮૮ ના આસો વદિ અમાવાસ્યા સુધીનો રિપોર્ટ ત્હેના સેક્રેટરી શ્રીયુત રમણલાલ ચુનીલાલ કઠુસકર અને કેશવલાલ પાનાચંદ શાહ તરફથી મળ્યો છે.

**વૈરાગ્ય શતક**:—લેખક શાહ માવજી દામજી મુખ્ય ધર્મ શિક્ષક શ્રી પન્નાલાલ પૂનમચંદ જૈન હાઇ સ્કૂલ મુંબઇ. મૂલ્ય ૦—૨—૦ સમાલોચના અવકાશે આપવામાં આવશે.

# મ્હેં શું જોયું ?—

**દ્રષ્ટા:-સ્વપ્નની શાસનસમ્રાટ્ આચાર્યશ્રીનથુભાઇ સૂરિ.**

પ્રતિક્રમણથી પરવારી હું આત્મધ્યાનમાં લીન હતો. ગુણસ્થાન ક્રમારોહના પગથીયા કૂદી કૂદીને હું ચડતો હતો. એ અરસામાં મારી રૂમના એક ખુણામાંથી નિકળી મીરઝાપુરના દલાલો ગુણગુણ કરી મારા શરીરને ફોલી ખાતા હતા બીજી તરફથી કોઇ મધપુડામાંથી માંખીઓ ઉડીને મારા અમૂલ્ય રક્તના ટીપે ટીપાંનું શોષણ કરતી હતી. કીડીઓ પણ કેમ ન જાણે હેના બાપનું કંઈ લેણું કાઢી આવી ન હોય તેમ મ્હને ચટકા ઉપર ચટકાઓ ભરી રહી હતી. આ તમામ આસુરી શક્તિએ મ્હારા ઉપર સંગઠિત ચઢાઇ આદરી હતી પરંતુ બંદા હેની પરવા કર્યા સિવાય આગળ વધેજ જતા હતા. મનસ્વી રીતે મ્હારા આત્માના પરમાણુંઓ વિકસેજ જતાં હતાં, અને હું કોઇ વિરાટ શક્તિશાળી માનવી કેમ ન હોઉં હેની કલ્પના ખડી થવા લાગી. એકાએક મ્હારા આંતર ચક્ષુ ખુલ્યાં, મ્હને અમદાવાદ પ્રદેશ સુધીનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. આ જ્ઞાન પ્રાપ્ત થતાંજ ક્ષપકશ્રેણિમાં આગળ વધવું આપણે છોડી દીધું અને અમદાવાદ તરફ આપણો ઉપયોગ ચાલુ રાખ્યો.

## મ્હેં શું જોયું ?

સાધુઓનાં ટોળે ટોળાં આવી રહ્યાં હતાં, કોઇના હાથમાં સરસ ચકચકાટનાં જાડા દાંડાઓ શોભી રહ્યા હતાં કોઇ સરખતી મલમલને પીતરંગમાં રંગી હેની ચાદરને શોભાવી રહ્યા હતા. કોઇના ખભા ઉપર ગધ્ધા જેટલો ભાર લાદવામાં આવ્યો હતો, કોઇના ખભા ઉપર પાંચ મહીનાની ચાદર શોભી રહી હતી. આમ રંગ બેરંગી વસ્ત્રોમાં મ્હાલતા એ મહારથીઓ જાણે કોઇ દારુગઢ ઉપર ચઢાઇ ન લઇ જતા હોય એ ચાલમાં કુચ કરતા હતા. દશ અને પંદરના જુથમાં આ ભડવીરો અમદાવાદના ઉદ્યાનમાં શોભતા હતા અને હેમના પાંચ દશ ભક્તોનું ટોળું કે જેમના ઉપર ગુજરાતી પાઘડીઓ શોભી રહ્યાં હતાં તેઓ એકાદ ઢુમઢુમીયા સાથે સાધુઓને હેમના નિયત સ્થળે પહોંચાડતા હતા. કોઇ કોઇ ગાંડી ભકતાણીઓ તો આ મોટાં જુથોને જોઇ ગાંડી ઘેલી થઇ જતી હતી.

## નગરને ચોટે:—

સાધુઓનાં આ જુથોને જોઇ નગરજનો આશ્ચર્યમાં ગરકાવ થતાં હતાં. કોઇ કહેતું હતું કે ભેગો આરો અમદાવાદના પાદરે બેસી ગયો છે. કોઇ કહેતું હતું કે હવે માથાપાગી ઉડાવવાનો ઠીક મોકો સાંપડ્યો છે. બીજી તરફ વળી જુદુંજ સંભળાતું હતું. લોકોમાં ગમગીની જણાતી હતી. વિચારશીલ માણસો આ વગર અંકુશના જુથોને જોઇને અનિષ્ઠ શંકા કરતાં હતાં, કે આ કાફલો શી રીતે દ્વારિકા પહોંચશે ? કોઇ જનો આ ટોળાં જોઇ નગરશેઠ તરફ શ્રાપ વરસાવતા હતા, એટલુંજ નહિ પણ આ નગરશેઠનું પગલું ક્યાંક અમદાવાદના સંઘનું નાક ન કપાવે એ માટેની ચિંતા કરી રહ્યા હતા ન્હાનાથી મોટા સુધી દરેક માનવી આ પરિસ્થિતિ ગંભીરપણે વિચારી રહ્યા હતા, ત્યાં એક મૌલવી સાહેબ કે જેમની દાઢી સફેદ હોઈ જઇફ અવસ્થામાં પહોંચી ગયા હતા હેમણે આ સાધુબાવાઓની ફોજની ફોજ જોઇ કોઇ ટિખ્ખળ ખોરને પૂછ્યું. અજ્બે યે ક્યાંને ફકીર લોકકી જમાત આઇ હૈ તો ક્યા તુમ્હારે યહાં કોઈ બડે ધરમેં સાદી હો રહી હૈ! હૈ ક્યા ? ક્યાંને ઇતમમાજ યહાં ક્યોં બુલાયે જા રહે હૈ? પેલા આદમીએ શુધ્ધ ગુજરાતીમાં જવાબ આપ્યો, મૌલવી સાહેબ આ બધું ધાડું અંદરો અંદર ખુબ લડીને બેઆબરું થઇ ગયું છે અને એક બીજાના ગુન્હાઓની ફરીયાદ કરવા નગરશેઠ પાસે આવી રહ્યાં છે. આ લોકો શાદી બાદી કરતા નથી અને ન્હાના છોકરાઓ પાસે રાખે છે. આ જવાબ સાંભળી મૌલવી સાહેબ ખુબ હસ્યા અને દાઢી ઉપર હાથ ફેરવતા ખુદાનું નામ લઇ ચાલતી પકડી.

## ઉપાશ્રયોમાં:—

બહુ ખુબ ચંદરવા પુઠીઆથી ઉપાશ્રયોના હોલો શણગારાઇ રહ્યા હતા, દરેક પોળના શ્રાવકો ધમાલમાં પડ્યા હતા, આપણી પોળના મહારાજ પણ સંમેલનમાં ભાગ લેવાના છે તે જોઇને પોળના લોકો આત્મ સંતોષ અનુભવતા હતા, અને પ્રેમલા પ્રેમલીઓ જાણે સ્વર્ગની ટીકીટ રીઝર્વ ન કરાવવી હોય હેમ દોડાદોડી કરી રહી હતી. આ રીતે કોઇ મહા પ્રજાનો મહોત્સવ ઉજવાતો હોય તેટલાજ દમામથી આ બધી બાબતો બની રહી હતી, બજારમાં બદામ, નાળીયેર અને પતાસાની પણ ખુબ ખુફપરાઇ થતી હતી, ટીપ ટપોરાં માટે પણ પધ્ધતિ તૈયારીઓ ચાલી રહી હતી. આમ રાજનગરની રંગભૂમિમાં કોઇ અજબના દ્રશ્યની કલ્પનાઓ થઇ રહી હતી.

## સાધુઓની ચર્ચા:—

સાધુઓ પણ ખુબ ચર્ચાઓ કરી રહ્યા હતા, કોઇ કહેતું હતું કે તમે શિથિલ છો, અને અમેજ ખરા સાધુ છીએ ત્યારે પેલાઓ જવાબમાં જણાવતા હતા કે તમારામાં સાધુતા છેજ ક્યાં, દંભ ભર્યો છે, આમ એક બીજામાં બોલાચાલી વધી પડતાં દાંડાં ન ઉડે તે માટે શ્રાવકો વચ્ચે પડી એક બીજાને છોડાવી રહ્યા હતા. કોઇ પોતાની આજુબાજુ શાસ્ત્રોના મોટા પોથાઓ જમાવી જાણે સિધ્ધસેનના અવતાર ન હોય તેમ પગ ઉપર પગ ચઢાવી નસકોરાં ફુલાવી રહ્યા હતા અને પોતાના શિષ્ય પાસે બણુગાં ફુંકી રહ્યા હતા. જો......વિજય, આમાં ત્રીજની સંવત્સરી કઇ રીતે માની શકાય ? પહેલા આગમોધ્ધારકનું પૂંછડું લગાડનાર આવે તો હેની સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર છું. આમ શાસન સેવાને બદલે વ્યક્તિવાદમાં ઘસડાતો આ મુનિવર્ગ કોઇ ધીકતા જ્વાળામુખી સાથે રમત કરી રહ્યા હતો.

## નગરશેઠને બંગલે:—

અહિંની ધમાધમ, વિચારણા, દોડાદોડી, આંજથી સવાર સુધીની અવર જવર વગેરે કોઇ રણસંગ્રામના સેનાપતિના તંબુની કલ્પના કરાવતું હતું. દરેક જાતની આજ્ઞાઓ અહિંથીજ બહાર પડતી હતી, રંગભૂમિની વ્યવસ્થાની લગામ અહિંજ હતી પણ દોરી સંચાર કોઇ જુદીજ દિશાથી થઇ રહ્યો હતો.

—અર્જુન

# નૂતન સમાચાર.

**દેહગામ:**—અત્રે શ્રી નીતિસૂરિજી, શ્રી વલ્લભસૂરિજી શ્રી ઋદ્ધિ સાગરસૂરિજી, આચાર્યશ્રી કેસરવિજયના સમુદાયના પંન્યાસ લાભવિજયજી, પંન્યાસશ્રી ન્યાયવિજયજી, મુનિરાજશ્રી વિદ્યાવિજયજી, પંન્યાસશ્રી કલ્યાણવિજયજી, મુનિરાજશ્રી પુણ્યવિજયજી, મુનિરાજ જયન્ત વિજયજી વગેરે સંખ્યાબંધ મુનિવરો અમદાવાદ મળનાર બૃહત્ સંમેલન અંગેની પ્રાથમિક ભૂમિકાઓ તૈયાર કરી રહ્યા છે. એ મંત્રણામાં ભાગ લેવા પહોંચવાને અશક્ત એવા સૂરીશ્વરો અને મુનિવરો પોતાની સંમતિ પાઠવી રહ્યા છે અને એ રીતે મંત્રણા બહુજ સફળ રીતે આગળ વધી રહી છે.

**અમદાવાદ:**—અત્રે સંમેલનમાં ભાગ લેવા માટે શ્રી નેમિસૂરિજી, દર્શનસૂરિજી, ઉદયસૂરિજી, નંદનસૂરિજી, શ્રી સિધ્ધિસૂરિજી, શ્રી મેઘસૂરિજી શ્રી દાનસૂરિજી, શ્રી સાગરાનંદજી, પંન્યાસ શ્રી ધર્મવિજયજી વગેરે આવી ગયા છે. શ્રી લબ્ધિ-સૂરિજી આજકાલમાં જ આવશે, તે સિવાય બીજા સાધુઓ આવી રહ્યા છે. જો કે આટલા આચાર્યો એકજ સ્થાનમાં હોવા છતાં હજુ એક બીજાને મળવાની વાત બહાર આવી નથી. (૨) શ્રી નીતિસૂરિને દેહગામની મંત્રણામાં ભાગ નહિ લેવા માટે અનેક પ્રકારથી દબાણ કરવામાં આવ્યું હતું અને ત્યાં સુધીનું સંભળાયું છે કે જો નીતિસૂરિ દેહગામની મંત્રણામાં ભાગ લે તો તેમને લુહારની પોળના ઉપાશ્રયમાં ઉતરવા દેવા નહિ, એ પ્રકારની ધમકી આપી છે. આવી ધમકી આપનાર આપખુદો તરફ લુહારની પોળની જનતાએ ખુબ વિરોધ ઉઠાવ્યો છે. (૩) શ્રી નેમિસૂરિને મળવા માટે કેટલાક પેપરોના તંત્રી ગયા હતા ત્યારે સૂરિજી મહારાજ ખુબ ઉકળાટમાં હતા. તંત્રીઓ અને સૂરિજી વચ્ચે સંમેલનની બાબતમાં કંઇ વાટાઘાટ નિકળતાં સૂરિજી એકદમ બોલી ઉઠ્યા હતા કે બન્ને પક્ષો નગરશેઠ પાસે આવ્યા હતા, ત્યારેજ સંમેલન ભરવાનું નક્કી કરી નગરશેઠે આમંત્રણ કર્યું છે. તેમાં મ્હારી કશી જવાબદારી નથી બન્ને પક્ષોને સંપ કરવો હોય તો કરે તેમાં મ્હને શું છે. ત્યારે એક તંત્રીએ કહ્યું કે સંમેલન સફળ નહિ થાય તો બહુજ પરિસ્થિતિ ખરાબ થશે, ત્યારે સૂરિએ જણાવ્યું હતું કે ખરાબ શું થવાનું છે, સારું ભલે ન થાય, આથી વધારે ખરાબ થવાનું નથી. સૂરિજીના આકૃતિ તરફ નિહાળતાં સંમેલન પ્રતિ તેમની શંકાઓ તેમને ચિંતા ઉપજાવી રહી હતી એમ જણાતું હતું. દેહગામ સંબંધી પણ તેમણે ઉપરા ઉપરી પ્રશ્નો કર્યાં હતા અને પરિસ્થિતિનું માપ કાઢવા પ્રયત્ન કર્યો હતો. દેહગામની મંત્રણાથી સૂરિ ખુબ ગભરાયા હોય તેમ જણાયું. (૪) ડોશી-વાડાની પોળમાં વિદ્યાશાળામાં શાસ્ત્રાર્થ માટેની ખુબ તૈયારીઓ ચાલી રહી છે. શ્રી જંબુવિજયજીને પંન્યાસપદ અર્પણ કરવામાં આવ્યું છે. શ્રી રામવિજયજી અને પ્રેમવિજયજીને આચાર્ય પદવી આપવાનું હમણાં તો માંડી વાળ્યું છે. દરમ્યાન સાગરાનંદજીએ શ્રી દાનસૂરિ ઉપર ૧૮૦ પ્રશ્નો તૈયાર કરી મોકલી આપ્યાનું જાહેર આવ્યું છે. (૫) સાગરાનંદજી અને ચંદ્રસાગરજી વચ્ચે જે તકરાર થઈ હતી તેના સંબંધમાં અત્રેથી નગરશેઠ ગયા હતા. અત્યારે તો ગુરૂ શિષ્ય વચ્ચેની એ તકરાર ઉપર રાખ નાંખવામાં આવી છે. ભવિષ્યમાં બને તે ખરું ! (૬) પૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજના સ્વર્ગવાસનો તાર મળતાં અત્રે એકદમ સનસનાટી ફેલાઈ હતી. સારાયે શહેરમાં પાખી પળાઈ હતી અને ઉજમ-બાઇની ધર્મશાળામાં દેવવંદનની ક્રિયા કરવામાં આવી હતી. (૭) વીરશાસનના તંત્રી ઉપર શ્રી કુનિકુંડ તીર્થના મુનિમજીએ જે બદનક્ષીની ફર્યાદ માંડી હતી, તેના સંબંધમાં વીર શાસનના તંત્રીએ માફી માગી છે.

**પાટણ:**—અત્રે પૂજ્યશ્રી હંસવિજયજી મહારાજના સ્વર્ગવાસથી સંઘમાં આશ્ચર્યજનક ગમગીની ફેલાઇ હતી. શ્હેર હડતાલ પડી હતી. મુસલમાન ભાઇઓની હોટલો સુધ્ધાં બંધ હતી. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ ઉપર જ્યાં જ્યાં આ ગમગીન સમાચારો પહોંચ્યાં હતા ત્યાં ત્યાંના શોકજનક સંખ્યાબંધ તારો અને કાગળો આવી રહ્યા છે.

**ભાવનગર:**—અત્રેથી આત્માનંદ પ્રકાશના તંત્રી વલ્લભદાસ ગાંધી અને જૈન પત્રના તંત્રી શ્રીયુત દેવચંદ દામજી કુંડલાકર દેહગામ ખાતેની મંત્રણામાં ભાગ લેવા ઉપડી ગયા છે, નેમિસૂરિએ અત્રે જે નોકરશી વગેરેમાં લાખ રૂપીયાનું પાણી કરાવ્યું છે તેના સંબંધમાં શ્રી નેમિસૂરિ ભાવનગરથી અમદાવાદ પહોંચ્યા પછી ટીકાઓ થઈ રહી છે. જનતા જ્યાં સુધી સૂરિઓની શરમમાં તણાય છે ત્યાં સુધી આવા નિરર્થક ખર્ચાઓ અનિવાર્ય છે.

**સુરત:**—અત્રે પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી મહારાજ પધાર્યા છે. તેઓશ્રી મુંબઇથી અમદાવાદ થતાં મુનિ સંમેલનમાં ભાગ લેવા માટે વિહાર કર્યો હતો. પરંતુ ટાઇમ બહુજ ટુંકો હોવાથી મુનિ સંમેલનમાં ભાગ લઇ શકશે નહિ તેવા સમાચાર બહાર આવ્યા છે, ફાગણ સુદી દશમીના દિવસે બે સાધુને વડી દીક્ષા આપવામાં આવી છે.

**સ્થાનિક:**—અત્રે પ્રભા—નાથાલાલ લગ્ન પ્રસંગે ખુબ ચકચાર પેદા કરી છે. તેનો વિરોધ દર્શાવવા પાલનપુરી બ્હેનો તરફથી શ્રીમતી લીલાવતી દેવીદાસના પ્રમુખપણા નીચે માંગરોળ સભાના હોલમાં તા. ૨૫-૨-૩૪ રવિવારે એક સ્ત્રીઓની સભા બોલાવવામાં આવી હતી. (૨) શ્રી હંસ-વિજયજી મહારાજના સ્વર્ગવાસ માટે શોક દર્શાવવા એક સભા તા. ૨૬-૨-૩૪ ના રોજ બોલાવી હતી, કે જેમાં સમાજ તરફથી શોકદર્શક ઠરાવ કરવામાં આવ્યા હતા. (૩) શ્રી જૈન વિશ્રામ મંદિરની જનરલ સભા તા. ૧૧-૩-૩૪ રવિવારની રાત્રે સ્ટા. ૮ વાગે માંગરોળ સભાના હોલમાં ભરવામાં આવશે. તે વખતે મજકુર સંસ્થાના નાણા શ્રી જૈન સ્વયંસેવક મંડળને સોંપી દેવાનો તા. ૮-૧૦-૩૩ ની મળેલ મેનેજીંગ કમિટિએ ઠરાવ કરેલ, તે બાબત વિચારાશે.

**છેલ્લા ખબરો:**—(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી)

આ. નીતિસૂરિજી, આ. વિજયવલ્લભસૂરિજી, આ. ઋદ્ધિસાગરજી, મુનિમહારાજ વિદ્યાવિજયજી, પં. લાભવિજયજી આદિ સર્વે મુનિ મહારાજાઓ ચોક્કસ નીર્ણય પર સાધુ સંમેલન માટે આવ્યા છે. અને આજરોજ અમદાવાદ જવા સારૂ વિહાર કરશે, જુદી જુદી મંત્રણાદ્વારા સંમેલન વ્યવસ્થાપૂર્વકનું બને તેવી રૂપરેખા નક્કી કરી છે.

(12)

સુમનો. ધ્યાન..નાદો–




## પદવીઓના રોગ:—

કેવળ અધ્યયનાઓને પ્રેરાઇ ગુજરાતી કે હિન્દી ડીક્ષનેરીમાં પ્રાપ્ય થઇ શકે એટલા ભારેભાર શબ્દોથી જૈન સમુહની વતી અમુક વ્યક્તીઓ આજના ધર્માધ્યક્ષોને નવાજે છે.

એ બધી પદવીઓનાં મૂલ્યો કઇ રીતે આંકવાં–અહિંસાના પૂજારી તરીકે કે સમાજના ગરના લુટારા તરીકે ! ધર્મના રખેવાળ તરીકે કે ધર્મના સંહારક તરીકે ! વિશ્વપ્રેમના દાતા તરીકે કે સાંકડી મનોદશાના પોષક તરીકે ! સાગરના ગાંભીર્ય તરીકે કે ખાબોચીયાના છીછરા પણા તરીકે ! ક્ષમાના અવતાર તરીકે કે ઝઘડાઓના ઉત્પાદક તરીકે ! નૂતન ભાવનાઓના સર્જક તરીકે કે જુનવાણી રુઢીઓના પ્રેરક તરીકે !......આનો કોઇ જવાબ દેશે ! આજની પદવીઓ એને 'મોટો' માનતો બનાવી દે છે. એને 'સર્વસ્વ' માનવાની વૃત્તિઓ જગાવે છે. અને તેથી સમાજની સાચી સેવાથી એ વંચિત બને છે. આ જાતના રોગો સમાજમાં કુસંપનાં બીજાં વેરે છે, સમાજ ભાવનાઓનો નાશ કરે છે.

## હું પદનો રોગ:—

એ એની જાતને બીજો 'મહાવીર' માને છે. 'મહાવીર'ના વેષમાં જાણે કે 'મહાવીર' લપેટાયા છે એમ માની એ વર્તન કરે છે, એ એની જાતને આટલી મહાન માની બીજાઓને ક્ષુદ્ર માને છે. એના ગુલામો માને છે. આ જાતના રોગમાં બીજા ધર્માધ્યક્ષની કીર્તિ કે તેજને એ નથી સાંખી શકતો, ને સમાજને તો એની ખરદાસ ઉઠાવનાર, એના આદેશોને શિરસાવંદ્ય કરનાર માનવ પ્રાણી માને છે. ને આમ સદીઓ જુનાં શાસ્ત્રોના અનર્થો ઉપજાવી એનો ડંકો સાચો કરાવે છે.

## 'વાતોડીયાપણું' રોગ:—

'આપણો ધર્મ મહાન છે. આપણો ધર્મ વિશાળ છે. આપણો ધર્મ અહિંસા પરમોધર્મ છે. એ સર્વ શ્રેષ્ઠ છે. ધર્માધ્યક્ષ એ મહાવીરનો અનુયાયી છે; એટલે એને મહાવીરને પાટલે બેસાડીને પૂજવો જોઇએ, એને સર્વસ્વ માનવો જોઇએ. એની વિરુધ્ધ શબ્દપણ ન ઉચ્ચારાય. એના પ્રવચનોથી દુનિયાના માનવીઓને નિરખાય, ને એમાંથીજ અન્ય ધર્મોને પેખી શકાય.' આ જાતની મનોદશા સેવતા ધર્માધ્યક્ષને પૂછીએ છીએ કે ધર્મના કેટલાં ગૂઢ તત્ત્વો, કેટલા પ્રમાણમાં કર્તવ્યમાં આજે દેખાય છે ? ધર્મની વિશિષ્ટતાઓ આજે ક્યાં ગૌરવવંતા સ્થાન ભોગવે છે ? ધર્મની દિવ્ય ભાવનાઓને કોણે પ્રતિષ્ઠિત કરી છે ? અહિંસાના કેટલાં સૂત્રો આજે માનવ જીવનમાં તરવરે છે ? કેટલા ધર્માધ્યક્ષ મહાવીરના જીવનને દીપાવે છે ? કેટલા ધર્માધ્યક્ષ મહાવીરની ભાવનાઓને અપનાવે છે ? કેટલા ધર્માધ્યક્ષ જગતના પ્રતિષ્ઠાએ ચઢ્યા છે ?............આ જાતનું વાતોડીયાપણું સામાન્ય જનતાને અધોગતિ માર્ગે દોરે છે. આ જાતનું બહુબોલાપણું સમાજ, ધર્મની કિંમતને ઓછી પાડે છે. અનેકો હજારો વાતો કરનારા કરતાં સત્યનો એક પાલક સમાજ જીવનને અજવાળે છે. ધર્મ ભાવનાઓને પ્રકાશવંતી કરે છે.

## લોભવૃત્તિ રોગ:—

મહાવીરના અનુયાયી તરીકે ઓળખાતા પછી પણ એ ધર્માધ્યક્ષો આવતી કાલની ચિંતાઓ વેરી લે છે. આવતી કાલના ભવિષ્ય માટે એ ઝુરે છે. સંસારમાંથી વિરક્ત બનેલ એ સંસારી ખટપટોઓ માટે સપેદ આંસુડાં સારે છે. મહાવીરના પથે પડતો એ એના આહારપાણીની, એના કપડાંલત્તાંની, એની સાધન સામગ્રીની ત્રેવડમાં રહે છે. સાધ્વીઓપર એ માલિકીહક સિધ્ધ કરે છે. આ જાતના માનસવાળો ધર્માધ્યક્ષ સુંદર ભોજનોપર, રેશમી ઉનના પોશાકોપર અને વિધવિધ સામગ્રીઓપર મોજ ઉડાવે છે. મહાવીરનાં, કુંપનું રીપું ન દેખતાં અને કડકડતી ઠંડીમાં પણ શરીર પુરું ન ઢંકાય એવાં અર્ધવસ્ત્રવાળાં બાળકોને દેખીને પણ એ હસતો નથી; એનો અપરિગ્રહતાની ત્યાગની વીરકથાઓ સંભળાવે છે. આ જાતના માનસવાળો ધર્માધ્યક્ષ સમાજ જીવન પર કલંકનો ઓપ ચઢાવે છે. આ જાતનો અપરિગ્રહતાધારી ધર્માધ્યક્ષ સમાજમાં બેકારીના ઉપદ્રવને જન્માવે છે.

## રોગોના નિદાન:—

સમાજને તમારે સેવાનાં અંદણાઓ છાંટવાં હોય, સમાજને તમારે ઉન્નતિના માર્ગે પ્રયાણ કરાવવું હોય ને ધર્મને તમારે હૃદય ભાવોથી અલંકૃત કરવો હોય, આંતરિક રંગોએ રંગવો હોય તો સમાજકાર્યમાં તમારે માટે ઉજળું સ્થાન છે. સમાજ જીવનમાં તમારે માટે માનવતાનો માર્ગ છે. એ ભાવનાઓને ચેતનમય કરતાં, એ મનોરથોને મૂર્તિમંત કરતાં રોગોના નિદાન સ્વયંભૂએ પ્રકાશી ઉઠશે.

સમાજ આત્માને આણુવિહોણો બનાવતાં જુનવાણી સ્વરૂપોને જીર્ણવસ્ત્રોની જેમ શોધી શોધીને ફેંકી દ્યો. પદવીઓના લોભોમાંથી નાશી ભાગો, ચેલા ચેલીઓ મુંડવાની લોહી તરસી ભૂખને મારી હટાવો. સમાજ બન સમાજ બાળકો માટે છે. એ ભાવનાને મૂર્તિમંત કરો. ને યુગ ભાવનાઓને જીવનમાં પ્રધાનપદ આપો.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ ધી કલાપી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુવક સંઘ માટે નવું રેશમ બજાર, સેન્ડહર્સ્ટ રોડ, ઘર નં. ૨૪, મુંબઇ નં. ૨, તરુણ જૈન ઓફિસમાંથી પ્રગટ કર્યું.

સાધુ સંમેલન.

Reg. No. B. 3220.




સમાજ ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો ] શ્રી જૈન યુથ સીંડીકેટ (તરુણ જૈન સમિતિ)નું મુખપત્ર [ વર્ષ ૧ લું અંક ૬ ઠો
વાર્ષિક રૂા. ૧-૮-૦ ] તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા. [ શુક્રવાર તા. ૧૬-૩-૩૪

## જ...ડ...વા...દ...ની.....જ...હાં...ગી...રી...કે.....ચેતનની ચીનગારી?

જગતના વિશાળ પટમાં જેટલા ધર્મો છે, જેટલી સોસાઇટીઓ છે, જેટલા વાડાઓ, ન્યાતો, ગચ્છો અને તડાંઓ છે તે ત્હમામ માનવ સમાજની ઉન્નતિ માટે છે. ત્હેની રચનાનો ઉદેશ કેવળ માનવ જાતના હિતનોજ હોય છે. પણ જ્યારે તે તે ધર્મો, ગચ્છો, સોસાયટીઓ કે વાડાઓનાં આગેવાન કાર્યકર્તાઓ સ્વાર્થાંધ બને છે, સત્તાના સિંહાસનોનો મોહ જાગે છે અને એ સ્વાર્થ અને મોહને પોષવા માટે ન કરવા લાયક કાર્યો એ જ્યારે કરે છે, ત્યારે તે તે ધર્મમાં, ગચ્છમાં કે સોસાયટીઓમાં રહેલો સમજુ વર્ગ એ કાર્ય તરફ બંડ જગાડી પડકાર કરે છે, જનતાને સાચી વસ્તુસ્થિતિથી વાકેફ કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્નને એ લોકો તરફથી નાસ્તિકવાદ, જડવાદની જહાંગીરી કે એવાં બીજા પેટંટ શબ્દોથી નવાજી જનતાને ભોળવી, દાબી દેવાનાં મનસુબાઓ રચાય છે. અનંત કાળથી આ બાબતો ચાલીજ આવે છે. આ વીસમી સદીમાં પણ એ માનવ પ્રકૃતિનું અસ્તિત્વ કાયમ છે, પણ આજના વિજ્ઞાન યુગમાં એ પ્રકૃતિ સફળ થઇ શકતી નથી; એ પ્રકૃતિને વેગ મળી શકતો નથી એટલે આત્મસંતોષ પૂરતીજ એ પ્રકૃતિ કાર્ય કરે છે.

જૈન સમાજમાં પણ આજે એ સ્થિતિનું પુનરાવર્ત્તન થઇ રહ્યું છે, ત્હેના ધર્મના તત્વો ઉપર ઓપ ચઢાવી ધર્મને બદલે અધર્મ આચરાય રહ્યો છે, સાધુતાને નામે કુસાધુતા પોષાય રહી છે, શાસ્ત્રોના અર્થને બદલે અનર્થો થઇ રહ્યા છે, ધર્મ કરણીને બ્હાને લખલુંટ નિરર્થક વ્યય થઇ રહ્યો છે અને મોક્ષનો પરવાનો આપવાની એજંસીઓ જાણે કેમ ન મળી હોય ત્હેમ મોક્ષની લાલચ આપી નાનાં અને કુમળી વયનાં બાળકોને દીક્ષા આપી ત્હેના જીવનને રૂંધવામાં આવી રહ્યાં છે. અને સમસ્ત સમાજ જ્યારે ત્રાસી રહ્યો છે, ત્યારે સમાજનો જાગૃત આત્મા ચીનગારીઓ મૂકે છે, સ્વાર્થાંધ સત્તાધિકારીઓની રમતથી જનતાને વાકેફ કરવાનો સમજુ વર્ગ તરફથી પ્રયત્ન થાય છે, ત્હેના તરફથી થતાં લખલુંટ ખર્ચાઓ તરફ પડકાર કરવામાં આવે છે અને ધર્મને નામે થતી પ્રત્યેક અધર્મ કરણીઓથી જનતાને પરિચીત કરવામાં આવે છે, ત્યારે એ પ્રવૃત્તિને જડવાદની જહાંગીરી તરીકે ઓળખાવવાની સ્વાર્થાંધ વ્યક્તિઓ તરફથી પ્રવૃત્તિ આદરવામાં આવે છે. પણ સમાજનો જાગૃત આત્મા એ વસ્તુસ્થિતિથી આજે અજાણ નથી એટલે ત્હેને જડવાદની જહાંગીરી તરીકે ન ઓળખતાં ચેતનની ચીનગારી તરીકેજ ઓળખી રહ્યો છે. એ ચીનગારીઓ સમાજના તમામ અનિષ્ટ તત્વોનો સામનો કરી રહી છે, અને ત્હેના તાપમાં ત્હમામ સ્વાર્થાંધ વ્યક્તિઓની લીલાઓ જળી રહી છે. ત્હેનો ઉકળાટ આજે ચોતરફ ફેલાઇ રહ્યો છે, કોઇ ત્હેને નાસ્તિકવાદના નામથી દાબવાના મનસુબા ઘડી રહેલ છે, કોઇ જડવાદના નામે ત્હેની વગોવણી કરી રહેલ છે, કોઇ સુધારકશાહીના નામે ત્હેનો સામનો કરવાને કટિબધ્ધ થઇ રહેલ છે, પણ ચીનગારી આગળને આગળ રૂકાવટ વગર ધપતીજ જાય છે. જ્યાં જ્યાં એના તણખા વેરાય છે, ત્યાં ત્યાં,સ્વાર્થાંધ વ્યક્તિઓની પ્રવૃત્તિ નિષ્ફળ થતી જાય છે અને યુગપ્રવાહને નહિ સમજતી એવી એ વ્યક્તિઓ આ ચીનગારીથી ભડકી કોલાહલ મચાવી મૂકે છે. પણ એણે સમજી લેવું ઘટે કે આ ચેતનની ચીનગારી છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર.)

# —: તરૂણ જૈન :—

શુક્રવાર તા. ૧૬-૩-૩૪

# સાધુ સંમેલન.

જૈન સમાજ જ્હે સંમેલનની વર્ષોથી કલ્પના કરી રહ્યો હતો, તે સંમેલન ફાગણ વદિ તૃતીયાથી અમદાવાદને આંગણે શરૂ થયું છે. અમદાવાદના સંઘપતિના આમંત્રણને માન આપી લગભગ સાડાત્રણસો સાધુઓ ત્યાં એકત્ર મળ્યા છે. જૈન સમાજમાં આજે જે કલહ, કંકાશ અને અશાંતિનું વાતાવરણ પ્રસરી રહ્યું છે, ત્હેના મુખ્ય સૂત્રધારો અમદાવાદના મુનિ સંમેલનના મંડપમાં સામ સામી છાવણીમાં ગોઠવાઇ ગયા છે, અને એ રીતે બન્ને પાર્ટીને ભેગી મળી વિચાર કરવાની પરિસ્થિતિમાં મૂકનાર અમદાવાદના નગરશેઠ અને ત્હેમનું મંડળ અભિનંદન લઇ શકે છે.

પરંતુ જે ઉદ્દેશથી સંમેલન બોલાવવામાં આવ્યું હતું સંમેલન પાસેથી સમાજ જે વાંચ્છી રહ્યો હતો એ આ સંમેલનની કાર્યવાહી જોતાં મળી શકશે કે કેમ એ મોટો પ્રશ્ન થઇ રહ્યો છે. સંમેલનનું બંધારણ પણ એવું સુસંબદ્ધ નથી કે કોઇ પણ જાતનું કંઇ કાર્ય થઇ શકે.

પહેલાં એમ નક્કી કરવામાં આવ્યું હતું કે આટલા બધા સાધુ કરતાં જો સમુદાય દીઠ બબ્બે પ્રતિનિધિ લેવામાં આવે તો કામ સરળતાથી ઉકેલી શકાશે અને એ વિચારણાથી બ્હોંતેર પ્રતિનિધિઓની ચૂંટણી થઇ, પણ ત્હેની બેઠક પણ નિરર્થક ગઇ અને કાર્ય કરવાની કલ્પનાવાળા સાધુઓને એમ જણાયું કે આ સંખ્યા પણ મ્હોટી છે, એટલે તે પ્રશ્ન ફરીવાર વિચારણા માટે ઉપસ્થિત થયો. ત્રીશ પ્રતિનિધિઓ ચૂંટાયા, અને કાર્ય આગળ વધારવા માટે પ્રયત્નો થયા, પરંતુ કાર્ય કરવા માટે આ બધા રસ્તા ખોટા છે. જ્યાં સુધી એક બીજામાંથી મનના મેલ નિકળ્યા નથી, શાસ્ત્રજ્ઞતાનો એક બીજાને અહંકાર છે, અને શાસન કરતાં વ્યક્તિત્વમાં વિશેષ મોહ છે ત્યાં સુધી કશું કાર્ય થઇ શકે એ આકાશ કુસુમવત છે. એટલે એ સંમેલન કોઇપણ જાતનું કાર્ય કરી શકે એ આશા વધારે પડતી લાગે છે. બીજી બાબત એ છે કે કોઇપણ ઠરાવ મૂકાય અને ત્હેને સર્વાનુમતિ મળે તોજ એ પાસ થઇ શકે, નહિતર નહિ, આ બાબત પણ ખોટી છે, કારણ કે એક પક્ષ જે ઠરાવ રજુ કરે ત્હેનો બીજો પક્ષ વિરોધ કરે, એટલે બહુમતિનું ધોરણ સ્વીકારવું જોઇએ, ત્હોજ સંમેલન સફળ થાય. આવી વિચારસરણીને અંગેજ સંમેલન અત્યાર સુધી વર્તમાન પત્રોનો વિરોધ કર્યા શિવાય કશું સંગીન કાર્ય કરી શકેલ નથી.

આ સંમેલનમાં કેટલાક સાધુઓને શાસ્ત્રાર્થ કરવાનો બહુજ મોહ છે, અને કોઇપણ ઠરાવ આવે તો કહે છે કે એ શાસ્ત્ર સંમત છે કે નહિ? ત્હેનો પ્રથમ પ્રશ્ન મૂકાય છે. હવે એ સંબંધમાં શાસ્ત્રાર્થ કોણ કરે, અને શાસ્ત્રાર્થ કંઇ બે દહાડામાં થોડોજ પતી જવાનો છે, તે શિવાય ત્હેમાં મધ્યસ્થ જોઇએ વગેરે અનેક બાબતો એવી છે કે જે સંમેલનની સફળતામાં ખુબ આશંકાઓ પેદા કરે છે; એટલે ઠરાવોમાં પણ ખુબ મુશ્કેલી છે. આમ દરેક બાબતમાં જો શાસ્ત્રોને આગળ કરવામાં આવે તો કામ કેમ થઇ શકે? વારંવાર શાસ્ત્રોની વાતો કરનારા પણ આજે શાસ્ત્રોના ફરમાન અનુસાર ચાલે છે કે કેમ? એ બાબત શા માટે વિચારવામાં આવતી નથી? એવી કેટલીયે બાબતો છે કે જે શાસ્ત્રોના ફરમાન વિરૂદ્ધ પરંપરાના નામથી ચલાવવામાં આવે છે. જે ઠરાવો પોતાને સાનુકુળ ન હોય ત્હેને શાસ્ત્ર સંમત નથી એમ કહી ઉડાવી દેવામાં આવે છે અને જ્યારે સામી બાજુથી શાસ્ત્ર વિરૂદ્ધ આચરણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, ત્યારે પરંપરાના નામથી બચાવ કરવામાં આવે છે. આ કઇ જાતનું માનસ? શાસ્ત્રોમાં પણ કેટલીક બાબતો તે કાળ અને તે સમયને ઉદ્દેશીનેજ લખાયેલ હોય છે. એવી કોઇ બાબત હાથમાં લઇ વારંવાર શાસ્ત્રને આગળ કરી ત્હેનો દુરૂપયોગ કરવામાં આવે એ કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી, જૈન શાસ્ત્રો કોઇ બાબત કદિ એકાન્તે પ્રતિપાદન કરતાંજ નથી.

ત્રીજી બાબત એ છે કે આ ત્રીશજણની કમીટીમાં કોઇ આગેવાન નથી, જેને ફાવે તે બોલે, જેની ઇચ્છામાં આવે એ ઠરાવો રજુ કરે, એ આજના યુગને બંધ બેસે એવું બંધારણ નથી આ વસ્તુસ્થિતિ સંમેલનને ઝાંખું બનાવી મૂકે છે, સાડા ત્રણસો સાધુઓ ભેગા થવા છતાં કોઇ એવો પ્રતિભા સંપન્ન સાધુ નથી, કોઇ નિસ્પૃહ મહાત્મા નથી કે જે આ નિર્નાયક ટોળાને કાબુમાં રાખી શકે. આ બાબત સાધુ સમાજ માટે શરમ જનક છે.

જૈન સમાજના, ધર્મના અને સાહિત્યના ઉધ્ધારના આધારભૂત જેમને માનવામાં આવે છે, ત્હેમની આવી પામરતા જોઇ ખરેખર આશ્ચર્ય થાય છે. સારીયે આલમમાં જૈન સાધુતા સર્વોત્કૃષ્ટ મનાય છે; એ સાધુતાનું લીલામ આજે અમદાવાદમાં થઇ રહ્યું છે અને ત્હેની મૂર્ખાઇ ઉપર સારીયે પ્રજા હસી રહી છે; છતાં પણ કોઇપણ જાતની શાન આવી હોય ત્હેમ આચરણ ઉપરથી જણાતું નથી. આ પ્રશ્ન જેવો તેવો નથી, જ્યાં સુધી સંઘ સત્તાને પુનઃસ્થાપીત કરવામાં નહિ આવે, સમાજનું બંધારણ નવેસરથી ઘડવામાં નહિ આવે, ત્યાં સુધી સમાજની આબરૂનું લીલામ આ રીતે થયાજ કરવાનું છે. સમાજે હવે આ સાધુઓ ઉપર અંકુશ મૂકવાની અનિવાર્ય આવશ્યકતા છે. શામાટે સાધુઓનું આ રીતનું આચરણ કે જે સમસ્ત આલમમાં સમાજને નીચું જોવડાવનાર છે, તે ચાલવા દેવું જોઇએ! ત્હેમને જણાવી દેવું જોઇએ કે હવે તમે સમજી જાવ, નહિતર સમાજમાં તમારૂં સ્થાન તમારે શોધવું પડશે. અમે ઇચ્છીએ છીએ કે સાધુ સંમેલનનો સમજુ વર્ગ આ બાબતો માટે વિચાર કરે અને પરિસ્થિતિને વધુ બગડતી અટકાવે.

# જ્ઞાતિમાંથી રાજીનામું.

( જ્ઞાતિ સંસ્થાઓ અગાઉના જમાનામાં જરૂરી હશે પણ આજના પ્રગતિ અને વિજ્ઞાનવાદી યુગમાં એ કેવળ બીનજરૂરી છે. માટે એની દિવાલો ભેદાવવી જોઇએ. તેની શરૂઆતમાં જૈન કોમના જાણીતા વિચારક ભાઇ પરમાનંદ કાપડીઆએ ભાવનગરની વીશાશ્રીમાળી મોટી નાતના મંત્રી શ્રી કુંવરજી શાહ ઉપર મોકલાવેલ રાજીનામું વાચકો સમક્ષ રજુ કરીએ છીએ:

તંત્રી )

આ પત્ર લખું છું તેનું પ્રયોજન નીચેની વિગતોથી સ્પષ્ટ થશે.

આપણા દેશમાં એક કાળ એવો હતો કે જ્યારે રેલ્વે, તાર કે ટપાલની અત્યારે જેવી સગવડ વર્તે છે તેવી કોઇપણ પ્રકારની સગવડ નહોતી. એક સ્થળેથી અન્ય સ્થળે જવા આવવાનો વ્યવહાર મુખ્યત્વે કરીને બળદગાડીથી ચાલતો. સામાન્યરીતે પ્રજા પોત પોતાનાં વતનને વીંટળાઇને જીવન નિર્વાહ કરતી. આવી પરિસ્થિતિ વચ્ચે સમાન સંસ્કારના ધોરણે રચાએલાં નાતિ મંડળો મર્યાદિત ભૌગોલિક ક્ષેત્રમાં પોત પોતાનાં દીકરા દીકરીઓની આપલેનો વ્યવહાર કરતાં એ તદ્દન સ્વાભાવિક અને દેશ કાળનાં સંયોગોને અનુરૂપ હતું.

આજે પૂર્વકાળની પરિસ્થિતિમાં અનેક પરિવર્તનો થઇ ગયાં છે. આજ કાલ દિનપ્રતિદિન વધતી જતી રેલ્વે, તાર અને ટપાલની સગવડોથી કન્યાની લેવડદેવડને લગતી ભૌગોલિક ટુંકી મર્યાદા અર્થ વિનાની બનતી જાય છે. ઉપર જણાવેલ નાતિ મંડળો એક કાળે સમાન સંસ્કાર, રૂઢિ વ્યવહાર અને પરંપરાના ધોરણો ઉપર રચાતાં હતાં. આજે જે નાતિ મંડળોનાં જાળાં આખા દેશ ઉપર પથરાઇ પડ્યાં છે તે સર્વની ઘટના આવા કોઇપણ ધોરણ ઉપર અવલંબતી દેખાતી નથી. દાખલા તરિકે આજના દશાશ્રીમાળી, વીશાશ્રીમાળી, ઓસવાળ કે પોરવાડ વચ્ચે નામ ભેદ સિવાય બીજો કશો સંસ્કારભેદ દેખાતો નથી. બીજી બાજુએ એકજ નાતિમાં ભિન્ન ભિન્ન ધર્મ અને સંપ્રદાયના માણસો પણ એકઠા થએલાં જોવામાં આવે છે. દાખલા તરિકે આપણે ત્યાંના દશાશ્રીમાળી વાણીઆઓમાં કેટલાક મૂર્તિપૂજક જૈન, કેટલાક સ્થાનકવાસી જૈન અને કેટલાક વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ માલુમ પડે છે અને એમ છતાં તેઓ અંદર અંદર કન્યાની આપલે કરે છે. વળી એક કાળે સમાન વ્યવસાય, વ્યાપાર કે ઉદ્યોગના ધોરણે નાતિઓનાં નિર્માણ થતાં, પણ આજે નાતિ જનોના વ્યવસાયમાં પણ એવી કશી એકરૂપતા દ્રષ્ટિ ગોચર થતી નથી, તેથી ગુણ લક્ષણના દ્રષ્ટિ બિન્દુએ જ્ઞાતિજનોને પરસ્પર આકર્ષે અને જોડાએલા રાખે એવું કશું તત્ત્વ હાલ રહ્યું નથી. કન્યાની લેવડ દેવડમાં ધર્મ, ભાષા કે દેશની મર્યાદા સમજી શકાય છે, કારણકે અમેક ધર્મ, દેશ કે ભાષા ચોક્કસ સંસ્કારોના પ્રતીક હોય છે. પણ આજની નજીક નજીકની જ્ઞાતિઓમાં પરસ્પરનાં ભેદક આવાં કોઇ પણ લક્ષણો દેખાતાં નથી. આ કારણથી કન્યાની લેવડદેવડ અમુક જ્ઞાતિમાંજ થવી જોઇએ તે મન્તવ્યમાં રૂઢિ પરંપરા સિવાય બીજું કાંઇપણ વાસ્તવિક કારણ મારા ધ્યાન ઉપર આવતું નથી. અને તેથી પોતાનાં બાળકોને વરાવવા સંબંધમાં વર્તમાન જ્ઞાતિનું વર્તુલ સ્વીકારીને ચાલવાની મારી બુધ્ધિ ચોખ્ખી ના પાડે છે.

મુંબઇ જેવા પચરંગી શહેરનો વસવાટ પણ પોત પોતાના વતનને લગતી નાતિ કે ગોળનાં બંધનોની ઉપેક્ષા કરવા પ્રેરે છે. કન્યાની લેવડદેવડ સાધારણ રીતે પરસ્પર પરિચિત કુટુંબોમાંજ થઇ શકે છે. અમારી જેવાના પરિચિત કુટુંબો ઘણુંખરું આપણી નાતિનાં હોતાં નથી; અને આપણી નાતિના કુટુંબો ઘણુંખરું વતનવાસી હોવાથી અમને પરિચિત હોતાં નથી. આ કારણે મુંબઇ જેવા મોટા શહેરમાં વસનારાને સ્વાભાવિક રીતે પોત પોતાનાં ગોળ તોડવાનું સવિશેષ પ્રલોભન રહે છે.

આજે ઘણા છોકરા છોકરીઓ મોટી ઉમ્મર સુધી કુંવારા રહીને અભ્યાસ કરતા હોય છે. આ છોકરા છોકરીઓના સંબંધો જોડવામાં કેવળ માબાપના અભિપ્રાયો કે વલણો કામ લાગતા નથી. પોતાના બાળકોની ઇચ્છા અને વલણ ધ્યાનમાં રાખીને ચાલવું એ જે માબાપો પોતાનાં બાળકોને મોટી ઉમ્મર સુધી કુંવારા રાખીને ભણાવવા માગતા હોય તેમનો ખાસ ધર્મ થઇ પડે છે. આ સંયોગોમાં માબાપની ગોળના વર્તુલને વળગીને ચાલવાની ઇચ્છા હોય તોપણ તે પ્રમાણે વર્તવાનું તેમના માટે લગભગ અશક્ય થઇ પડે છે કારણકે મોટી ઉમ્મરનાં બાળકો ઉપર લગ્ન વિષયમાં કદિપણ બળાત્કાર થઇ શકતોજ નથી.

આવા મારા વિચારો અને આવા મારા સંયોગો હોઇને આપણી જ્ઞાતિની મર્યાદાના વર્તુલથી નિરપેક્ષ રીતે મારી દીકરીઓના યોગ્ય કાળે વિવાહ સંબંધો યોજવાનો હું વિચાર ધરાવું છું. આજના કાળમાં કન્યાની આપલેની અમુક નક્કી કરેલી મર્યાદા ઉપરજ આખી જ્ઞાતિની ઇમારત ઉભેલી હોઇને આ પ્રકારની છુટ જ્ઞાતિની અંદર રહીને લેવી તે કોઇ પણ રીતે ઉચિત ગણાય નહિં. હું તો ઇચ્છું છું કે આજના પરિવર્તન પામેલા કાળ સંયોગોમાં ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ કન્યાઓની લેવડ દેવડને લગતા પ્રતિબંધો દૂર કરીને મારા જેવાનો માર્ગ સરળ કરે પણ જ્ઞાતિઓની વર્તમાન મનોદશામાં આવી ઇચ્છા કેવળ આકાશકુસુમવત્ લેખાય. તેથી મારા માટે આજે એકજ માર્ગ છે કે મારી દીકરીઓનો જ્ઞાતિના વર્તુલથી નિરપેક્ષ રીતે વિવાહ સંબંધ યોજવાની હું પ્રવૃત્તિ કરું તે પહેલાં મારે આપણી જ્ઞાતિમાંથી રાજીનામું આપવું.

આ મુજબ હું આપને વિનંતિ કરું છું કે આ પત્ર મળતાં પંદર દિવસની અંદર આપણી જ્ઞાતિની સભા બોલાવી આ મારું રાજીનામું આપે રજુ કરવું અને જ્ઞાતિના એક સભ્ય તરિકેની સર્વ જવાબદારી અને અધિકારોથી મને મુક્ત કરવો. જો ઉપર જણાવેલ મુદત સુધીમાં મારું રાજીનામું મંજુર કરવામાં નહિં આવે તો જાહેર જનતાને જાણ કરવા ખાતર આ પત્ર મારે છાપાઓમાં પ્રગટ કરવો પડશે અને હું તે દિવસથી મારી જાતને જ્ઞાતિને લગતા સર્વ બંધનોથી મુક્ત થએલો ગણીશ.

અહિં સ્પષ્ટ કરવાની જરૂર છે કે આ રાજીનામા સાથે મારા પિતા, ભાઇ કે અન્ય વડિલોને કશો પણ સંબંધ નથી અને તેથી આ પત્ર આપને મળે ત્યારથી પંદર દિવસ બાદ હું જે કંઇ કરું તેની સર્વ જવાબદારી અને જોખમદારી મારે એકલાને શિર રહે છે.

મુંબઇ,

તા. ૬-૨-૩૪.

પરમાનંદ કુંવરજી.

# અમદાવાદનો—પત્ર.

ભાઇશ્રી:—

કુતાશણીના ધુપધાન પછી સાધુ સમેલનના મંગળા ચરણ તરીકે શ્રી નેમિસૂરિ, શ્રી સાગરાનંદજી, શ્રી લબ્ધિસૂરિ વિગેરે મ્હોટા બીરૂદધારીઓ બેન્ડ, સરણાઇઓ ને સાંબેલાના હાકમાટ ભરેલા સામૈયાથી નગર પ્રવેશ કર્યો, ત્યારે શ્રી વિજય વલ્લભસૂરિ અને શ્રી નીતિસૂરીશ્વરજીએ કોઇ જાતના આડંબર વિના નગર પ્રવેશ કર્યો આથી જૈન અને જૈનેતર સમાજમાં કંઇક ચર્ચાનો વિષય થઇ પડયો. લોકો તો પચરંગી, એટલે જેને જેમ ફાવે તેમ કે કે રાખે છતાં સમજુ માણસો એટલું તો કબુલ કરતા કે કેશરીઆજી તીર્થના પ્રશ્ને ગંભીરસ્વરૂપ પકડવાથી શ્રી શાન્તિસૂરિ જેવા અણુસણ વ્રત આદરે અને આ સૂરિઓ આવા આડંબરને ઉત્તેજન આપે તે તેમના માટે શરમાવનારૂં તો ખરૂંજ?

જેઓ પોતાના એક દિવસના દીક્ષિત સાધુને ગમે તેવા લાયક સાધુને પણ વંદન કરવાનો વિરોધ કરતા તે આજે પોતાની પાર્ટી મજબુત કરવા દરેક સ્થળે પોતાના શિષ્યોને વંદન કરવા મોકલે છે એ પણ મુત્સદીજ પણું ને?

પાલીતાણા આકૃતિ જેવો કંઇક છાણીમાં કિસ્સો બનતાં સાગરજી અને એમના શિષ્યોની વચમાં અરસપરસ મેથીપાકની લ્હાણી થતાં સાગરજીના પ્રધાન શિષ્ય ચન્દ્રસાગરજી ઓગણીસ શિષ્ય સાથે જુદા પડી અત્રે ઝાંપડાની પોળમાં ઉતર્યા છે ત્યારે ગુરૂજી નેમિસૂરિ સાથે પાંજરાપોળના ઉપાશ્રયે ઉતર્યા છે. છતાં ગુરૂજીએ એવું ષડયંત્ર ગોઠવ્યું છે કે ચન્દ્રસાગર પેલું પ્રખ્યાત પ્રકરણ સમેલનમાં ન ઉપાડે. છતાં ભણકારા એમ સંભળાય છે કે વખતે એ ષડયંત્રજુદા શસ્ત્ર જેવું નિવડે તો નવાઇ નહિ.

સાધુ સાધ્વીઓની પધારામણી શ્રીફળપતાસાંની પ્રભાવના, સામૈયાના જલસા, માલમીષ્ટાન્ન ઉડાવવાની મઝા—વિગેરે આવી ધમાધમ નિહાળી બિચારા ગભરૂ જેવા ભાગ્યેજ તો ચોથા આરાની સરખામણીની વાતો હાંકે રાખે છે. એમને એ થોડીજ ખબર છે કે ચોથો આરો કેવો હતો! તેના માનવી કેવાં સરળ હતાં! એ તો એક બીરૂદાવલીની શરૂઆત કરી કે પછી પૂજોજમાં. ખુશામતખોરોનો સ્વભાવજ એવો હોય છે.

એકવખાંજ જેઓ ઉન્નતિ સમજે છે તેઓને ઘણા ભાગે માનાપમાન સ્પર્શી શકતા નથી એટલે શ્રી વિજયદાનસૂરિના આમંત્રણને માન આપી શ્રી વિજયવલ્લભસૂરિ તેમના બે શિષ્યો સાથે મળવા ગયા અને અર્ધો કલાક સુધી ખાનગી મંત્રણા ચાલ્યા બાદ સમાધાનના પ્રથમ પગલાં તરીકે બન્ને જણે સાથે મળીને સમેલનમાં જવું એમ નક્કી કરી વિખુટા પડ્યા. વાત વાયરે લઇ ગયો, અને સમાજ જાણે મહા વિજય થયો હોય તેમ આનંદમાં આવી ગયો પણ તે આનંદ ઘડીનોજ રહ્યો. શ્રી દાનસૂરિ તો પોતાની ટુકડી જમાવીને સમેલનમાં પહોંચી ગયા એટલે જે મંત્રણા માટે શુભ પરિણામની આશા રખાતી હતી તે હાલમાં ધુળમાં મળી છે એમ લખું તો ખોટું નહિ.

જે ઘડીની કાગના ડોળે રાહ જોવાતી હતી તે ફાગણ વદી ૩ નો મધ્યાન્હનો વખત આવ્યો જેમ કોઇ મોરચા માંડવા અથવા કિલ્લો સર કરવા લશ્કરી ટુકડીઓ કુચ કરે તે મુજબ જુદી જુદી ટુકડીઓએ મંડપ તરફ કુચ કરી હતી તેમાં પહેલી ટુકડી શ્રી નેમિસૂરિ અને શ્રી સાગરાનંદની તો પહેલેથીજ ત્યાં જઇને બીરાજી હતી, બાદ પગથીઆના ઉપાશ્રયેથી બીજી ટુકડીમાં શ્રી વિજયસિદ્ધિસૂરિ, શ્રી વિજયદાનસૂરિ અને વિજયચન્દ્ર સૂરિની ટુકડી ડહેલાના ઉપાશ્રયથી પાસેજ થઇને મંડપ તરફ ગઇ હતી. જ્યારે ત્રીજી ટુકડી ડહેલાના ઉપાશ્રયે એકત્ર થઇ મંગળાચરણ કરી શ્રી વિજયનીતિસૂરિ. શ્રી વિજયવલ્લભસૂરિ વિ—ની હતી અને ચોથી શ્રી ચન્દ્ર સાગર વિ—ની હતી. આમ ચાર ટુકડીમાં વ્હેંચાએલા સાધુઓ સમેલનના મંડપમાં પધાર્યા.

અમારા નગરશેઠ અને અમારા સંઘના સંઘપતિના બંગલાના કમ્પાઉન્ડમાં (જેને નગરશેઠનો વંડો કહેવામાં આવે છે) સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકા મળી લગભગ સાતથી આઠ હજાર માણસો બેસી શકે તેવો ભવ્ય મંડપ ઉભો કરવામાં આવ્યો છે, અને તેની બાજુમાં એક ન્હાનો પણ મનોહર, સુંદર રીતે શણગારેલો, મુનિવરો માટે મંડપ ઉભો કરવામાં આવ્યો છે. તેમાં ખાનગી મંત્રણાને અંગે રહેણ ઓરડીઓની ગોઠવણ કરવામાં આવી છે, સાથે પહેલા દીવસની બેઠકમાં મોટા મંડપની અંદર ચતુર્વિધ સંઘની હાજરીમાં બે કલાક સ્નાત્ર વિધિ કરીને મુનિવરો એમના મંડપમાં દાખલ થયાબાદ મંડપના દ્વાર ઉપર રાખેલ પડદા નાખી દઇ મુનિ મંડપ બંધ કરવામાં આવેલો, એટલે બંધ બારણે ખાનગી મંત્રણાઓ ચાલી છતાં છાપાના ભુત કાંઇ છાના રહે? તેણે તો બીજેજ દિવસ પ્રભાતમાં વિગતવાર નામ સાથે છાપી માર્યું. એટલે કંઇ ચુસ્ત મુનિવરોમાં ખળભળાટ થયો અને સમાટ સૂરિના ઉતારે શ્રી રામવિજયજીએ જઇને નગરશેઠને બોલાવી સમેલનની કાર્યવાહી છાપાઓમાં આવવા માટે ફરિયાદ કરી! પરંતુ નગરશેઠે શેઠકું પરખાવી દીધું કે આપસો સાધુઓમાં કોના હાથ પકડું? અને તે છાનુ પણ કેમ રહી શકે?

પહેલા દિવસના કામકાજથી લોકોમાં નિરાશાએ સ્થાન લીધું હતું અને લોકો અનેક શંકા કુશંકાઓ ઉઠાવતા પરંતુ બીજા દિવસ જાહેર પ્રતિનિધિઓની વિષય વિચારણી સમિતિ નિમતાં લોકોમાં કંઇક શ્રધ્ધા બેઠી છે. છતાં નાવતો સોફા ખાતુંજ છે.—લી. નવનીત

## પામરની પામરતા.

કેસરીયાજી તીર્થની ઉભી થયેલી ગંભીર પરિસ્થિતિ અંગે આચાર્ય શાન્તિસૂરિએ આત્મભોગની વેદીપર ઉપવાસ આદરેલા, તે અંગે અભિનંદન દર્શાવવા સાધુ સમેલનમાં ઠરાવ મૂકાયો, આ ઠરાવ શ્રી રામવિજયને ખુબ ખૂંચ્યો. તેથી શાસ્ત્રના ઓઠાં નીચે જનુની હુમલો કરતાં કહે છે કે "શાસ્ત્ર વિરૂધ્ધની વાતો સાંભળી મારી છાતીમાં ખંજર ભોંકાય છે.

વાત વાતમાં શાસ્ત્રની વાતો કરી ભોળી જનતાને ભમાવનારની મનોદશા આ પ્રસંગે ખુલ્લા સ્વરૂપમાં ઉઘાડી પડે છે. આત્મ કલ્યાણની સાધના અર્થે અનંત મુનિવરોએ અણુસણ કર્યાનું ઇતિહાસ કહે છે. સંઘ ઉપર આફતો આવતાં અનેક મુનિવરોએ હથિયાર પકડયાના, સંઘ અને તીર્થો માટે ભોગ આપ્યાનાં ઉદાહરણો મળે છે. આચીજ પૂર્વાચાર્યોએ—તે મહાપુરૂષોના ગુણાનુવાદ ગાયા છે. જ્યારે વર્તમાન કાળમાં એક મુનિવર તીર્થ રક્ષા અંગે આત્મભોગની વેદી ઉપર ઉપવાસ આદરે ત્યારે આ મહાપુરૂષ (!) ની છાતીમાં ખંજર ભોંકાય છે, એ પામરની પામરતા નહિ તો બીજુ શું! કમજોરીના પ્રભાવે એ રસ્તે ન જઇ શકીએ, પણ જનારની પ્રશંસા બદલે પીઠ પાછળ હિચકારો હુમલો. એ તો અવધીજ ગણાય.

જેને ગુજરાતમાં પડી રહી આછાં મુલાયમ વસ્ત્ર પહેરવાં છે અને અનેક સ્વાદ કરવા છે, તે બિચારા પામર મનુષ્યો બલીદાનની શી કિંમત કરી શકે! તે તો તેને ઉતારીજ પાડે ને! સાચા ત્યાગીઓથી આ અંગે ઉદાસીનતા સેવાયજ નહિ અને સેવે તો ત્યાગના મુલ્ય ઘટે.

# મ્હેં શું જોયું?

નથ્થુભાઇ સૂરિ.

વિશાલ સામયાનો બંધાયો હતો, એક પછી એક ટુકડી આવી રહી હતી, સાધુઓને માટે ખાસ મંડપ બાંધવામાં આવ્યો હતો, અને ત્હેમાં નગરશેઠના હુકમથી એક પછી એક ટુકડી પેલા મંડપમાં જઇ રહી હતી. બધા ગયા એટલે ચારે તરફથી પડદા નાખી દેવામાં આવ્યા હતા. અંદર બધા ગોઠવાયા અને મૌન પથરાયું. એક બીજા એક બીજાના મોઢા સામે તાકી રહ્યા હતા. માટીનાં પૂતળાંઓને એક ઓરડીમાં પૂર્યાં હોય ત્હેવી સ્થિતિ હતી. લગભગ વીશેક મીનીટ આમ પસાર થઇ અને એક પંજાબી બાવાએ પોતાનું પ્રવચન ઉભા થઇને શરૂ કર્યું. શ્રમણો! આપણે દૂર દૂરથી અહિં આવ્યા છીએ તે મૌન રહેવા માટે નહિ. આપણે કાર્ય કરવું છે, માટે કાર્યની શરૂઆત કરવી જોઇએ, ત્યાં તો સામી પાર્ટીના એક સાધુ બોલ્યા કે બેશીને બોલો. પેલા બાવાજી બોલ્યા કે મહાત્માઓ! હું આપ બધાનાં દર્શન કરવા ઉભો થયો છું, મ્હને દર્શન કરવા દો. ત્યાર પછી એક ટિખળી વૃત્તિ હું ન ભૂલતો હોઉં તો સૂરીશ્વર અને સંમેલનના કર્તા ઉભા થયા અને કહ્યું કે અમારા રેહગામના રૂપમાં લગભગ વીશેક સમુદાયોએ ભાગ લીધો છે, અને તેઓએ અમુક ઠરાવો કર્યા છે તે આપની સમક્ષ હું મૂકું છું. ત્હેમાં પહેલો ઠરાવ એ છે કે "કેસરીઆજીના સંબંધમાં આચાર્ય શ્રી શાન્તિસૂરિજીએ જે અણુસણ વ્રત આદર્યું છે ત્હેને આ સંમેલનનો પૂરતો ટેકો છે અને પોતની સહાનુભૂતિ જાહેર કરે છે." જો કે મૂળ ઠરાવ આ હતો કે નહિ ત્હેની મ્હને માહિતી નથી, પણ ત્હેનો ભાવ આજ હતો એમ હું જાણી જોઇને કહી શકું છું. આ ઠરાવ માટે શ્રમણોમાં ખૂબ ઉહાપોહ થયો, કોલાહલથી આખોએ મંડપ ગાજી ઉઠયો અને એક મુનિજી કે જે પ્રવચનકાર કહેવાય છે, તેઓએ કહ્યું કે ઠરાવ થાય ત્હેની હરકત નથી, પણ બધું શાસ્ત્રીય રીતે થવું જોઇએ. આપણી સમક્ષ જે ઠરાવ મૂકવામાં આવ્યો છે, તે શાસ્ત્રસંમત છે કે નહિ ત્હેની તપાસ થવી જોઇએ. ત્યારે ફરી પાછા પંજાબી બાવા હાથ જોડતા ઉઠયા અને કહ્યું કે શ્રમણો આપણે ઝીણી બાબતમાં શાસ્ત્રની વાત કરીશું તો આપણો પત્તો ખાશે નહિ. વળી અહિં આપણે બધા શાસ્ત્રાર્થો કરવા ભેગા મળ્યા નથી. શાસ્ત્રાર્થોજ જો કરવા હોય તો અમને પહેલેથી સૂચના આપવી જોઇતી હતી, પણ અમને તેવી સૂચના મળી નથી. ત્યાં પુનઃ ટિખળખોર વ્યક્તિ ઉભી થઇ અને કહ્યું કે જ્યારે કેસરીયાજી તીર્થ જઇ રહ્યું છે અને શાન્ત્યાચાર્યજી અણુસણ કરીને બેઠા છે ત્યારે આગમોના પોથાંની વાત થઇ રહી છે, બહુજ અફસોસની વાત છે. ત્યાં સભામાંથી અવાજ ઉઠયો કે આવા કેટલાક સ્વચ્છંદી અને સ્વેચ્છાચારી શિથિલ સાધુઓ આગમોને પોથા કહે છે, માટે પોથા શબ્દ પાછો ખેંચાવો. ત્યાં બીજી તરફથી કોઇ બોલ્યું કે સ્વેચ્છાચારી અને સ્વચ્છંદી શબ્દ પાછો ખેંચાવો. આમ જાણે પાણીપતનું મેદાન કેમ ન બનતું હોય ત્હેવો દેખાવ થઇ રહ્યો હતો. ત્યાં પાછો આ નિર્નાયક ટોળામાં કોલાહલ થયો અને પંજાબી બાવા અને પાર્ટી તરફથી શબ્દો પાછા ખેંચવા લાગ્યા અને કહ્યું કે હવે આપણું કાર્ય આગળ ચાલવું જોઇએ. ત્યાં પેલા છીંકણીનો સબડકો લેતા અઢી હાથના આગમોદ્ધારક બોલ્યા કે રામવિજયજી કહે છે કે એ શાસ્ત્ર સંમત છે કે નહિ?

સમસ્ત અમદાવાદ શહેરમાં આ વાત પ્રસરી ગઇ અને શાસ્ત્ર સંમત છે કે નહિનો મેનીયા અને મેનીન જાઇટીસનો રોગ એમ બંન્ને વ્યાપક બન્યા. કોઇ બે સાધુ સંમેલનમાંથી ઉપાશ્રયે જતા હતા. રસ્તામાં પેશાબ લાગવાથી મૂતરડીમાં પેઠા. ચાંદલાને નાબૂદ કરી બહાર નીકળ્યા, કોઇ અમદાવાદીએ જોયા. એ સાધુઓ વિદ્યાશાળામાં ગયા અને પેલાએ બીજા દિવસે રામજી મહારાજને પૂછ્યું કે મહારાજ સાધુઓ મૂતરડીમાં મૂતરે એ શાસ્ત્ર સંમત છે કે નહિ? આપ આ લાકડાનાં ડાંડા રાખો છો એ શાસ્ત્ર સંમત છે કે નહિ? જવાબમાં પેલા અમદાવાદીને બે તપડાક મળી. કોઇ બે દોસ્તારો સાથે જતા હતા. એકને ઇચ્છા થઇ બજારૂ જવાની, બીજા મિત્રે કહ્યું કે તું બજારૂ જાય છે એ શાસ્ત્ર સંમત છે કે નહિ? અમદાવાદ શહેરના માણેકચોકમાં એક માણસનું ખીસ્સું કતરાયું. ચાર પાંચ કેસરીયા ચાંલ્લા ભેગા થયા અને વિચારવા બેઠા કે આ શાસ્ત્ર સંમત છે કે નહિ? ત્હેમાંથી એક જણે કહ્યું કે પૂછો રામવિજયજીને. સવારના પ્હોરમાં હજુ તો દાતણ થતાં હતાં ત્યાં દોશીવાડાની પોળમાં એક સાધુ તરપણી લઇને નિકળ્યા અને કોઇએ પૂછ્યું કે મહારાજ આ સવારના નિકળવું એ શાસ્ત્ર સંમત છે કે નહિ! અહિંથી બે માઇલ દૂર સાબરમતીને તીરે શુધ્ધ સ્થંડીલ ભૂમિ હોવા છતાં અહિં વાડાઓમાં સ્થંડિલ જવાય છે એ શાસ્ત્ર સંમત છે કે કેમ? ન્હાના ન્હાના સાધુઓ જોડે જે અકુદરતી કાર્યો થાય છે એ બધાં શાસ્ત્ર સંમત છે કે નહિ? કોઇ ઠેકાણે લગ્નોત્સવ ઉજવાઇ રહ્યો હતો. શિખંડ અને પૂરીનું જમણ હતું. એક માણસે શિખંડની ત્રણ વાડકી ઉડાવી અને ચોથી વાડકી લેવાની તૈયારી કરતો હતો ત્યાંજ કોઇએ કહ્યું કે ભાઇ એ શાસ્ત્ર સંમત છે કે નહિ? કોઇ બે ભાઇઓ લડતા હતા ત્હેમાં ત્રીજા માણસે આવીને કહ્યું કે, ભાઇઓ સબુર? આ બધું જે થાય છે એ શાસ્ત્ર સંમત છે કે નહિ ત્હેની પહેલાં તપાસ થવી જોઇએ. પણ ત્યાર પહેલાં તો પેલાનો ભમરો રંગાઇ ગયો હતો. કોઇ માણસના ઘરમાં ચોર પેઠો હતો, સ્ત્રીએ પુરૂષને કહ્યું કે સાંભળો છો કે આ પેલો તમારો કાકો પેઠો છે, તે આખુંય ઘર લૂંટીને સાફ કરી નાંખશે. પુરૂષે કહ્યું કે સબુર કર, પહેલાં એ તપાસવા દે કે ચોર પેઠો છે એ શાસ્ત્ર સંમત છે કે નહિ? કોઇ ભાઇ બીમાર પડયા હતા કોઇએ કહ્યું કે વૈદ્યને બોલાવો, પહેલાએ કહ્યું કે શાસ્ત્ર સંમત છે કે નહિ? કોઇએ કોઇ મુનિને પૂછ્યું કે મહારાજ, તમે આ આલીશાન મકાનમાં ઉતરો છો, ષડ્રસ યુક્ત ભોજન કરો છો, દિવસના ચાર ચાર વખત આહાર થાય છે, કબાટોના કબાટો તમારા નામે ખડકાય છે, એ બધું શાસ્ત્ર સંમત છે કે નહિ? આમ શાસ્ત્ર સંમતનું પુરાણ ચાલી રહ્યું હતું અને શ્રમણોની મૂરખાઇ ઉપર ગામ હસી રહ્યું હતું. અપૂર્ણ.

# પબ્લીક દાનધર્મ બ્યુરો.

**લે. વિમળભાઇ મુળચંદ વૈરાટી.**

જૈન સમાજમાંથી વરસ દિવસે લાખો રૂપીઆ દાન ધર્મને નામે ખર્ચાય છે, છતાં જૈન સમાજમાં એવી કોઈ સંસ્થા નથી કે જ્હેને દર વર્ષે દાન માટે સમાજ પાસે અપીલ બહાર ન પાડી હોય. ત્હેનાં કારણો તપાસતાં જણાય છે કે આજે દાન કરનારને કઇ સંસ્થા કે કયા ખાતામાં કેટલી જરૂર છે, ત્હેની પૂરતી માહિતી નથી. બીજું કોઇ ગૃહસ્થ તરફથી દાન માટે કંઇક રકમ કાઢવામાં આવે છે ત્યારે તે ગૃહસ્થ જોડે લાગવગ ધરાવનાર વ્યક્તિના હસ્તક જે સંસ્થા હોય છે ત્હેમાં જરૂર હોય કે ન હોય છતાં એ રકમનો મ્હોટો ભાગ લઇ જવામાં આવે છે, અને જરૂરીયાતવાળી બીજી સંસ્થાઓ રહી જાય છે, તે રકમમાંથી ત્હેને કશું મળતું નથી. આમ સમાજમાં અનેક સંસ્થાઓ જન્મે છે અને દ્રવ્યના અભાવે ટૂંકું જીવન જીવી મરણ પામે છે.

સમાજ પાસે કેટલાયે કેળવણી ફંડો છે. સ્કોલરશીપો અને આરોગ્ય માટે એવાં અનેક છૂટાં છવાયાં ફંડો છે. એ બધાં ફંડોની વ્યવસ્થા એકજ સંસ્થા મારફતે થવાની આવશ્યકતા છે. એ સંસ્થા મધ્યસ્થ અને સમાજમાં સર્વ માન્ય જોઇએ. જૈન સમાજમાં તેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓનો તોટો નથી. તેવી એકાદ સંસ્થાદ્વારા એક વગદાર કમીટી નીમીને પબ્લીક દાન ધર્મ બ્યુરો ખોલાય અને તે પ્રત્યેક સંસ્થાની પૂરતી તપાસ કર્યા પછી કઇ સંસ્થાને કેટલા પૈસાની જરૂર છે, તે કોઇ પણ જાહેર પેપરદ્વારા આમ જનતાને વારંવાર જાહેર કર્યા કરે. તપાસ પણ ખાતાવાર જાહેર કરે. દાખલા તરીકે જ્ઞાનખાતામાં પૈસાની આવશ્યકતા હોય તો જે ભાઇને એ ખાતામાં પૈસા ખરચવાના હોય તેને સુભીતા પડે. આમ પ્રત્યેક ખાતાઓની વિભાગવાર જાહેરાત કર્યા કરે તો જ્હેને જે ખાતામાં પૈસા ખરચવા હોય એ પૈસો જેમાં પૈસાની આવશ્યકતા હોય ત્હેમાં આપે. આમ દરેક સંસ્થાઓને બહુ સારી રીતે પોષણ મળી શકે અને અપીલ બહાર પાડવાની જરૂરત રહે નહિ. બીજી રીત એ છે કે કયા ભાઇને કયા ખાતામાં કેટલા રૂપીઆ ખરચવાના છે તેની તપાસ કરી તે તે ખાતાઓનું લીસ્ટ તે ભાઇ ઉપર મોકલી આપે અને સાથે કમીટી જે ખાતામાં પૈસાની જરૂરત હોય તે માટે નોંધ પણ કરે કે હાલ આ સંસ્થાને પૈસાની જરૂર છે. પછી તે ભાઇને જે રસ્તે નાણાં ખરચવાં હોય તે રીતે કમીટી તે દ્રવ્યનો ઉપયોગ કરે. તે સિવાય સમાજને જરૂરી કેટલાયે ખાતાં હજુ અસ્તિત્વમાં આવ્યાં નથી. દાખલા તરીકે બેકાર જૈનો માટે 'રાહત ફંડ' નથી. આ ખાતું ખોલવાની ખાસ જરૂર છે. વિધવા બ્હેનોને માટે આજીવિકા પૂરતું સાધન અને કેળવણી ફંડ પણ ખોલવાં જોઇએ અને તે દ્વારા હુન્નર ઉદ્યોગને કેળવણી અપાવવી જોઇએ. કમીટી એ માટે પ્રયત્ન કરે, પ્રત્યેક શહેર અને ગામોમાં પોતાની શાખા ખોલે અને જેમ બને તેમ તે કમીટી વ્યાપક બને તો આજે લાખો રૂપીઆ જે નિરર્થક વેડફાઇ જાય છે, દાન ધર્મને નામે હજારો રૂપીઆનું પાણી કરવામાં આવે છે, કલેશ કંકાસ અને બીભત્સ સાહિત્ય માટે નાણાં ફાજલ પાડી શકાય છે, ત્હેને સ્થાન નહિ રહે અને દરેક સંસ્થાઓ બહુજ સુંદર રીતે સુવ્યવસ્થિત બની શકશે. નાણાં ખર્ચનાર દાનેશ્વરીઓનો ઉદ્દેશ ફળીભૂત થશે. સમાજ આ મ્હારી ન્હાનકડી સૂચના ઉપર ધ્યાન આપે એ જરૂરી છે.

## વર્તમાનિક :—

**વડોદરા:**—મહિલા સમાજના આશરા નીચે જૈન બ્હેનોની એક સભા સૌ. હિરાકોર બ્હેન પ્રાણલાલ ડોકટરના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં પાંચ ઠરાવો પાસ થયા હતા.

૧. શાન્તમૂર્તિ શ્રી હંસવિજયજીના અવસાનથી શોક પ્રદર્શિત કરનારો. ૨ કેશરીયાજી તીર્થ અંગે યથતું કરવા વડોદરાના સંઘને વિનંતિ કરનારો. ૩ શાન્તમૂર્તિ શ્રી શાન્તિવિજય આચાર્યના અણુસણથી ફાગણ વદિ ત્રીજે અણુસણ દિન ઉજવવો અને તપ જપ અને ધ્યાન કરવા અંગે. ૪ કેશરીયાજીનો નીકાલ ન આવે ત્યાં સુધી કેશરીયાજી ન જવાનો. વિ. ભાજન સંઘને વિનંતિ કરનારો. ૫ કેશરીયાજી તીર્થ અંગે ન્યાય માગવા રાણાને વિનંતિ કરનારો.

આ જૈન યુવક સંઘની સભા તા. ૨૫ મીએ મળી હતી અને ઉપરોક્ત મતલબના ત્રણ ઠરાવો કરવામાં આવ્યા હતા.

**પાટણ:**—શ્રી પાટણ જૈન યુવક સંઘની આગેવાની નીચે જૈનોની એક જાહેર સભા નગરશેઠ કેશવલાલ અમરચંદના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં શાન્તમૂર્તિ શ્રીમદ્ હંસવિજયજી મહારાજશ્રી, શ્રીમાન મોહનલાલ મોતીચંદ અને ભાઇ શ્રી જેઠાલાલ બાપુલાલના અકાળ અવસાનથી શોક પ્રદર્શિત કરનારા ત્રણ ઠરાવો સર્વાનુમતે પાસ કરવામા આવ્યા હતા.

**રાધનપુર:**—નાગરદાસ પુંજમલ પ્રકરણે પાછો પલ્ટો ખાધો છે. નાગરદાસ ભાઇ જેવા વૃધ્ધને પરણાવી દેનારા દલાલો પાછા કન્યાની મેળવણ કરવાના કામે લાગી ગયા છે. તેઓ એક બાળકીનો ભવ બગાડવાના બુરા કામમાંથી ખસી જાય તો સારૂં. આગર. ગચ્છના વહીવટ માટે લોકમાં બહુજ અફવાઓ ચાલે છે. આગલા વહીવટ દરમિયાન સોના ચાંદીની પાટો ગુમ થવાની વાતો બહાર આવી છે છતાં હજુ ભીન જવાબદાર વહીવટ ચાલે છે. એ બંધારણસર વહીવટ જોવા રાધનપુરની જનતા ઇચ્છી રહી છે,

**અમદાવાદ:**—સંમેલનનું નાવડું તોફાનમાં સપડાયું છે. હજુ કોઇપણ રાહ નક્કી થયો નથી, અંધારામાંજ ફાંફાં કરે છે. દશ દશ દહાડાઓ વિતવા છતાં હજુ કંઇપણ ઠરાવ ઉપર આવ્યું હોય તેમ જણાયું નથી. સાધુઓના સેંકડો ઠરાવો મુનિ સંમેલન ઉપર ગયા હતા; એ ઠરાવોમાંથી દશ કે અગ્યાર ઠરાવો જુદી બાજુના ઠરાવો શ્રી નેમિસૂરિજી મહારાજે ફગાવી નાંખ્યા છે. શ્રાવક સંમેલન બોલાવવાની બાબત તો હજુ અધ્ધરજ લટકે છે કારણ કે જ્યાં સુધી સંમેલન કોઇપણ જાતના નિશ્ચય ઉપર આવે નહિ ત્યાં સુધી શ્રાવક સંમેલન નિરર્થક છે.

અત્રેના જાણીતા આગેવાન શેઠ જુગચંદ આશારામ વૈરાટીનાં પુત્રી પ્રિયદર્શનાનાં લગ્ન શેઠ મોહનલાલ હેમચંદ ચકશીના પૌત્ર ભાઇ કાન્તિલાલ સાથે કરવામાં આવ્યાં છે. બ્હેન પ્રિયદર્શનાએ ઉંચી કેળવણી લીધી છે.

બીજું વડોદરાના સુપ્રસિધ્ધ ઝવેરી ઉમાભાઇ લીલાભાઇના લઘુ બંધુ રાજનગરના નામથી ઓળખાતા સુરેન્દ્રભાઇના લગ્ન શેઠ કાલીદાસ ઉમાભાઇ ઝવેરીના સુપુત્રી બ્હેન સુલોચના સાથે કરવામાં આવ્યાં છે. આ લગ્ન પરસ્પરની સંમતિથી થયાં છે. ભાઇશ્રી સુરેન્દ્ર ગ્રેજ્યુએટ છે અને બ્હેન સુલોચના પણ સારી કેળવણી પામેલાં છે. આમ બન્નેનો મેળ સમાજને સારી આશા આપે છે. અમે ઇચ્છીએ કે આ બન્ને લગ્ન સુખરૂપ નિવડો

**સામાન્ય અધિવેશન:**— જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું સામાન્ય અધિવેશન એપ્રીલની અધવચમાં ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે. અને ત્હેને માટે એક કમીટી નીમવામાં આવી છે.

# વેપારી કેળવણીની યોજના.

લે. ચિ. દ. શાહ.

આપણો જુનો વેપાર સ્થાનીક સંજોગો પર આધાર રાખી ચાલતો હતો. તે જમાનામાં આજના જેવી ગુંચવણી પહેલાં ન હતી આજનો વેપાર સ્થાનિક સંજોગો ઉપરાંત આંતરરાષ્ટ્રીય સંજોગો પર ખુબ આધાર રાખે છે અને તે ઉપરાંત તે વેપારના વિકાસ માટે તેણે અનેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે, અનેક ગુંચવણ ભરી સ્થિતિ ઉભી કરી છે. આપણો હાલનો વેપાર વિકસાવવો હોય, આપણા હાથમાંથી સરી પડેલ વેપાર પાછો આપણા હાથમાં લેવો હોય તો આપણે આજની પધ્ધતિનું વેપારી શિક્ષણ લીધેજ છુટકો છે; આ પરિસ્થિતિમાંથી વેપારી શિક્ષણની યોજનાનો જન્મ થાય છે.

આજના યુગમાં અંગ્રેજી ભાષા એ વેપારમાં ખાસ જરૂરની છે તે કારણે અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન તથા વેપારી પત્ર વ્યવહાર પણ અંગ્રેજીમાં આવડતો હોય તોજ આંતર-રાષ્ટ્રીય વેપાર કરી શકાય. તે કારણે અંગ્રેજી ભાષાનું વ્યાકરણ, નિબંધ, પત્ર વ્યવહાર, ટુંક નોંધ અને સામાન્ય અંગ્રેજીનો અભ્યાસ ફરજીઆત કરવો જોઇએ. આ ઉપરાંત સ્થાનિક વેપાર માટે આપણી પ્રાંતિક ભાષા અર્થાત ગુજરાતી અને દેશના વેપાર માટે હિંદી ભાષાનું પણ અંગ્રેજીની માફક પુરતું જ્ઞાન હોવું જોઇએ આ કારણથી વેપારી શિક્ષણના અભ્યાસ ક્રમમાં અંગ્રેજી, ગુજરાતી અને હિંદી એ ત્રણે ભાષાને પુરતું સ્થાન આપવુંજ જોઇએ.

વેપારમાં ગણત્રીની વારંવાર જરૂર પડતી હોવાથી આંક, લેખાં અને ગણિત એ વિષય વિના વેપારી શિક્ષણ નભેજ નહિ એટલે એ વિષયનું રસપ્રદ શિક્ષણ વેપારી શિક્ષણની યોજનામાં હોવુંજ જોઇએ.

રાજ્ય બંધારણ એ પણ વેપારમાં અગત્યનો ભાગ ભજવે છે, સ્વતંત્ર દેશો પોતાના રાજ્ય બંધારણના પ્રતાપે પોતાના અનેક ઉદ્યોગો, વેપારી વહાણવટું, વેપાર અને આંતરરાષ્ટ્રીય વેપાર વધારવા શું શું કરી શકે છે તેનો અભ્યાસ કરવા તથા પરતંત્ર દેશોપર તેનો વિકાસ રુંધવા શું શું કરવામાં આવે છે તે જાણવા પુરતું આ વિષયનું અભ્યાસ ક્રમમાં સ્થાન છે. હિંદના રાજ્ય બંધારણનું પુરૂં જ્ઞાન અને બ્રિટીશ પાર્લામેન્ટનું તથા સામ્રાજ્યના બીજાં દેશોમાં કેવાં બંધારણો છે તેનો ટુંક ખ્યાલ આપ્યા વિના વિદ્યાર્થીઓ આપણા ઉદ્યોગ, વેપાર, વહાણવટા આદિની પ્રગતિ કેમ સધાતી નથી તે સમજી શકે નહિ તેથી તેનું સ્થાન વેપારી શિક્ષણમાં હોવુંજ જોઇએ.

ગુજરાતી અને અંગ્રેજી એ બે પ્રકારના નામાને તો વેપારી શિક્ષણમાં સ્થાન હોયજ તેની કોઇથી ના ન પાડી શકાય; અને તે ઉપરાંત એ બે પ્રકારની પધ્ધતિમાં સમાનતા તથા ભેદ શો છે તે પણ જાણી શકાય તે માટે પણ તેની આવશ્યકતા છે. નામાના જ્ઞાન વિના વેપાર કરવો કે વેપારીને ત્યાં નોકરી કરવી એ અશક્ય છે. રોકડ રકમની આપલે, માલનો વિનિમય, આવક અને ખર્ચનાં જુદાં જુદાં ખાતાં, તે સર્વની ઉપયોગિતા, જમાખર્ચી હવાલા અને કાચાંપાકાં સરવૈયા આદિ કેમ લખી તૈયાર કરવાં એ તો જાણવુંજ જોઇએ. આમાં પણ અંગ્રેજી નામાનાં જે અંશ ઉપયોગી હોય તે ગુજરાતી નામામાં આ મેળવવામાં આવે તો તે વિશેષ મદદરૂપ થાય તેમ છે. માટેજ વેપારી શિક્ષણની યોજનામાં આ વિષયો તો હોયજ.

વેપારી ભુગોળ અને વેપારનાં મૂળ તત્વો વિના તો ચાલેજ નહિ. વેપાર એટલે વસ્તુઓની લેવડ દેવડ—વિનિમય; આમ હોવાથી દેશ દેશની વસ્તુઓની નિપજ, વપરાશ, આયાત, નિકાશ, આ સર્વનાં કારણો દરેક દેશોના ઉદ્યોગો સંબંધી, માહિતી, તેના વિકાસ માટેની જરૂરિયાતો કે તેમાં વિઘ્નરૂપી કારણો, દેશની ખેતી, વેપાર અને ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય અને પ્રજા શું કરી શકે, તેની અવનતિ માટે કેવા માર્ગો રાજ્ય કે પ્રજા લે, તે સર્વ જાણવાની પણ જરૂર છે; આ ઉપરાંત આજના લાવવા લઇ જવાનાં સાધનો—તાર, ટપાલ, ગાડાં, મોટર, રેલ્વે, સ્ટીમર અને તેના માર્ગો આદિ પણ જાણવા જોઇએ; પરદેશ મોકલવાની વસ્તુઓ અને પરદેશથી આવતી વસ્તુઓ ક્યે માર્ગે સસ્તી રીતે મોકલી કે લાવી શકાય આ બધા વિષયોની માહિતી ભુગોળજ આપે.

વેપારનાં મૂળ તત્વોના વિષયમાંથી વેપારીને આવશ્યક ગુણો, જુદી જુદી જાતના વેપાર, ભાગીદારી અને કંપનીના વેપારના વહીવટ, સહકારી સંસ્થાઓ, બેંકો, તેની સાથેની લેવડ દેવડ કેમ કરી શકાય; આયાત-નિકાશના વેપારી પોતાના વેપાર કેમ કરે, પરદેશના માલ કે નાણાં મંગાવવા કે મોકલવા શું કરવું પડે, શેર બજારો અને તેની ઉપયોગિતા; દલ્લાલો, કમ્પનીઓ, પુલ, રિંગ, કાર્ટેલ આદિ શું છે અને તેણે દેશ પરદેશના વેપારમાં શું ભાગ ભજવ્યો છે વગેરેનું જ્ઞાન આ વિષયમાં હોય છે. આ વિષય વિના વેપારી કામ નજ કરી શકે એટલે આ વિષયનું સ્થાન વેપારી શિક્ષણમાં અગત્યનું છે એટલુંજ નહિં પણ તેમાં વારંવાર દુનિયામાં થતાં ફેરફાર અનુસાર અનુભવથી ઉમેરો કરતા રહેવાની પણ તેટલીજ આવશ્યકતા છે.

અર્થશાસ્ત્ર યાને સંપત્તિશાસ્ત્ર એ આખો માનસ શાસ્ત્રનો વિષય છે, મનુષ્યના ઐહિક પ્રશ્નો અને તેના કોયડાઓનું તેમાં પૃથક્કરણ છે. આ વિષય અગાધ છે. તેની જુદી જુદી શાખાઓ પણ છે. આજના આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં આર્થિક પ્રશ્નો મુખ્ય છે અને આ આર્થિક પ્રશ્નો કેવી રીતે ગુંચવાય છે અને તેનો ઉકેલ કેમ કરી શકાય તેજ મુખ્ય બાબતો આમાંથી મળે છે. આપણી મૂળ જરૂરિયાતો, આપણી કાર્ય ક્ષમતાની જરૂરિયાતો, આપણી શોખની જરૂરિયાતો, એ ત્રણે વચ્ચેનો ભેદ, ઉત્પત્તિનાં સાધનો—મુડી, મજુરી અને જમીન; તેનો પરસ્પર સંબંધ, દરેકની અગત્યતા કેટલા પ્રમાણમાં હોઇ શકે, કિંમતનો સિધ્ધાંત, મિલ્કત અને આવકની વહેંચણી; શરાફી અને બેંકીંગ; આર્થિક પ્રશ્નો અને રાષ્ટ્રીય આવક ખર્ચ, દેશ દેશનાં નાણાં ચલણ આ બધાય પ્રશ્નો ખુબ ગૂઢ છે અને આંતરરાષ્ટ્રીય વેપારમાં આ બધાય પ્રશ્નો પરસ્પર એટલી અસર કરે છે કે તે આપણે સમજી શકતા નથી. આવા વિષયની વેપારી શિક્ષણમાં ઉપયોગિતા હોય તેની ના નજ પાડી શકાય.




## વિચારનાં વ્હેણ.

લોકમતને માન આપવાનું મ્હને ઘણીવેળા કહેવામાં આવે છે. લોકાચારે વર્તવાની મ્હને ઘણીવેળા સલાહ આપવામાં આવે છે અને આ બધું હું નથી માનતો તેથી મ્હને ઘણા લોકો ગાંડો ગણે છે.

આ સલાહો મ્હને ઓછી રૂચે છે છતાં વિચારતો કરી મૂકે છે. હું ઘણી વેળા વિચારૂં છું છતાં **લોકમત ને** લોકાચાર થી વસ્તુ છે એ મ્હને હજુ સુધી સમજાયું નથી.

લોકમત ને લોકાચારના કાંઇ બંધારણ નથી. સંસારના સઘળાં માનવીઓ કોઇ એક માર્ગના પથીક નથી હોતાં. દર બાર ગાઉએ જ્હેમ ભાષા બદલાય છે ત્હેમ દર પાંચ પગલે પ્રત્યેક આદમીના રાહ જુદા હોય છે. કોઇપણ એક આદમીનું જીવન જુઓ, એના જીવનના Mile stones જુઓ, એની સિધ્ધાંત માન્યતા અને વર્તન જુઓ, એ તમામ એના પિતાથી, એના કોઇપણ વડિલથી, એના કોઇપણ ગુરૂથી ભિન્ન હશે. અને છતાં એ માણસ લોકમતને, લોકાચારને માન આપવાની વાતો કરતો હશે.

અને હું તો એમ પણ પૂછવા માગું છું કે લોકમત ને લોકાચારનાં કોઈ ચોકકસ માપ બનાવી આ લોકો માનવીને બીબાં બનાવવા માગે છે? એ માને છે શું? જીવનની તમન્ના ને ચેતનને લોકાચાર ને લોકમતની ચારણીએ ગાળી આ સૌ શું જડ બનાવવા માગે છે?

વળી જ્હે માણસ, પરાપૂર્વથી ચાલી આવતી રૂઢિનો સિધ્ધાંત ભક્ત હોવા છતાં વર્તન જુદું રાખે છે—કારણ કે સમયાધિન બની પલટાયા વિનાનો કોઇ માનવી મ્હેં જોયો નથી—એને મન લોકાચાર ને લોકમત. ત્હેના સિવાય બીજાને અનુસરવાની વસ્તુ હોય છે.

આ બધા પછી લોકમત ને લોકાચાર સદૈવ મ્હને અવગણવા યોગ્ય લાગ્યાં છે.

× × × × ×

આજ રીતિ ધર્મ પણ રેઢી રેવડી બન્યો છે. ખાવું તો ધર્મ પ્રમાણે, સૂવું તો ધર્મ પ્રમાણે, બોલવું તો ધર્મ પ્રમાણે, લગ્ન તો ધર્મ મુજબ, વિધુરાવસ્થા પણ ધર્મ મુજબ અને આમ કેટલીક પરંપરાની રૂઢિમાં સ્હેજે સુધારો કર્યો તો અધર્મ.

બુધ્ધિનાં બાર બંધ થતાં નથી. અને પ્રશ્ન થાય છે ઋષભદેવજી વર્ત્યા તે ધર્મ કે મહાવીરજી વર્ત્યા તે ધર્મ. વલ્લભવિજયજી કહે છે તે ધર્મ કે રામવિજય કહે છે તે કે નેમિસૂરિ કહે છે તે ધર્મ! ધર્મ કયો? કોની રીતિ વર્તીએ તો ધર્મી કહેવાઇએ? અને એકની રીતિ વર્તતાં બીજો અધર્મી નહિ કહે ત્હેની ખાત્રી શી?

આમ ધર્મ ને અધર્મ નક્કી કરવો મુશ્કેલ છે. ત્હેની રીત મુજબ જ્હે નથી વર્તતો તે તમામને દરેક અધર્મી કહ્યા છે. વલ્લભવિજયજી રામવિજયની રીતિઓમાં અધર્મ માને છે. રામવિજયજી વલ્લભવિજયજીને ધર્મવિરોધી મનાવે છે. મહાવીરના અનુયાયીઓ બૌધ્ધ, વૈષ્ણવ, ઈ. તમામ ધર્મોને વગોવે છે. બીજા ધર્મના ધુરંધરો મહાવીરના ધર્મને વગોવે છે, અને આ બધા વિતંડાવાદમાં ધર્મનો માણું રૂંધાય છે ને બુધ્ધિ છુટી માનવી ભજવાબોર બને છે. અને એની શ્રધ્ધા ઉડી જાય છે. કોઇક વખત તો શાસ્ત્રો—જ્હેની હિંમત આ લેખકી વિશેષ કહીજ નથી—ના થોકે થોક કુટી જાયને એ સ્થાનત વખતે છે એ માનવી પર કે જ્હેણે ધર્મ અધર્મનાં દ્વંદ્વને જન્માવ્યાં.

❋ ❋ ❋ ❋ ❋

આજ વસ્તુ નીતિ અનીતિમાં પણ છે. આપણી રીતથી ભિન્ન પ્રકારે ચાલનારને અનીતિવાન કહેવામાં આવે છે.

—લોકાચાર, લોકમતને ધર્મની જ્હેમ નીતિ અનીતિનાં પણ ચોકકસ માપ નથી. જૂઠું બોલવું ઘણા ધર્મધુરંધરો ને પણ આવશ્યક મનાયું છે—ને છતાં એને પ્રાસંગીક નીતિ માનવામાં આવી છે. વ્યભીચાર ને અનીતિના મુખ્યાંગ તરિકે માનવામાં આવે છે છતાં આજના સાધુઓના વ્યભિચાર જગ જાહેર છતાં એને નિભાવી લેવાનો ધર્મ મનાય છે. અમદાવાદમાં એકઠા થએલા સાધુઓ તપાસો અને અકુદરતી ને કુદરતી વ્યભિચાર નહિ કર્યો હોય એવા અલ્પાંશ વિના બીજા સાધુઓ નહિ મળે—અને છતાં નીતિવાન ગણાઇ એ બધા આજના ધર્મના રક્ષકો બની બેઠા છે. અને એમના ચારિત્રની વાત કરવામાં પણ અનીતિ મનાય છે.

\+ \+ \+ \+ \+

એટલે લોકાચાર ને લોકમતનો અર્થ એ છે કે નીતિવાન અને ધર્મીષ્ઠ બનવા કરતાં **કહેવડાવવા** તરફ વિશેષ લક્ષ આપવું. જીવનના બે વિભાગ પાડો; એકપર આચાર વિચારો ખીલવો, ચોરી કરો ને ગળાં કાપો, વ્યભિચાર કરો ને ગમે તે કરો પણ એ વસ્તુ છૂપી હોવી જોઇએ. કોઇ જાણે ને પૂછે તોપણ જૂઠું બોલી એવું કંઇક કર્યું હોય તો પણ ઈન્કાર કરતાં શિખો. તમે જ્હે રીતિ વર્તતા હો તે કોઇને કહો નહિ અને બીજા તમારી જ્યમજ વર્તતા હોય તો એની બદબોઇ શરૂ કરો. આમ થાય તો તમે લોકમતને માન આપી શકશો, લોકાચારે અભિમુખ વર્તી શકશો.

× × × × ×

આજનો જુવાન આ કેમ સહે? વ્યાજબી રીતિ એ આ લોકમતને સાંભળવાનીય ના પાડશે. અને લોકાચારના ચીલા ઉપરવટ સ્વતંત્ર રીતે એતો માર્ગ બાંધશે. એ માન આપશે એને જ્હે એને માન આપવાની પ્રેરણા કરે. એ ચાલશે એ રસ્તે જ્હે રસ્તે એની સ્વતંત્રતા રૂંધાશે નહિ. આજનો જુવાન એ બીજું નથી. આજનો જુવાન એ પૂતળું નથી. કોઇથી એ હારશે નહિ, કોઇના દોરી સંચારે એ નૃત્ય નહિ કરે. જ્હેને બળબળવું હોય તે ભલે બળબળે. એના વર્તનથી ભલે જૂનવાણીના પાયા હચમચી ઉઠે ને પુરાણની જંજિર તૂટતી થાય. એનો માર્ગ કોઇ રોકી નહિં શકે.

તારાચંદ.

આ પત્ર શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ શ્રી ... પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈન યુવક સંઘ માટે ... રેશમ બજાર, સેન્ટ્રલ બીલ્ડીંગ, દુકાન નં. ૨૪, મુંબઈ નં. ૨, તરુણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.